**સુવિચાર**

ચાલુ વાહન પર કાને રાખેલો મોબાઈલ ક્યારેક યમરાજાને પણ લાગી જાય છે !!

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૦૪/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ
PENDAWALA
રામનવમી નિમિતે
વિવિધ પ્રકારના
શિખંડ / મઠો
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ,
દુકાન નં.૯,અમરેલી,મો.8999990099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ચૈત્ર સુદ-૯ વર્ષ : ૧૬ અંક : ૦૯૭



International Year of Cooperatives 2025
Cooperatives Build a Better World

## સહકાર થી સમૃદ્ધિ

IFFCO
પૂર્ણતઃ સહકારી સ્વામિત્વ
Wholly owned by Cooperatives



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય પ્રધાનમંત્રી

**શ્રી અમિત શાહ**
માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી

**શ્રી જે પી નડ્ડા**
આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી
અને રસાયણ અને ખાતર મંત્રી

**શ્રી ભૂપેન્દ્ર પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## ઈફકો ના માતૃ એકમ અને પ્રથમ યુરિયા કારખાનું સંકુલ કલોલની સુવર્ણ જયંતિ અને બીજ સંશોધન કેન્દ્ર, કલોલ, ગુજરાતનો શિલાન્યાસ સમારોહ




મુખ્ય મહેમાન

**શ્રી અમિત શાહ**
માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી

પ્રતિષ્ઠિત મહેમાન

**શ્રી ભૂપેન્દ્ર પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**૬ એપ્રિલ, ૨૦૨૫ | કલોલ, ગુજરાત**




ગૌરવપૂર્ણ હાજરી

**શ્રી રાઘવજીભાઈ પટેલ**
માનનીય કૃષિ મંત્રી, ગુજરાત સરકાર

**શ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ)**
માનનીય સહકાર રાજ્યમંત્રી, ગુજરાત સરકાર

**શ્રી ઠાકોર લક્ષ્મણજી પુંજાજી (બકાજી)**
ધારાસભ્ય, કલોલ વિધાનસભા મતવિસ્તાર, ગાંધીનગર

**શ્રી દિલીપ સંઘાણી**
ચેરમેન, ઇફકો

**ડૉ. ઉદય શંકર અવસ્થી**
મેનેજિંગ ડિરેક્ટર, ઇફકો

**કલોલ એકમની સફળ કામગીરીના ૫૦ વર્ષ પછી, આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ - ૨૦૨૫ માં ઇફકો કલોલ યુરિયા કારખાનું દેશના સહકારી સંસ્થાઓને અને ખેડૂતોને ફરીથી સમર્પિત કરશે.**

અરજદાર : **સંદીપ ઘોષ** સિનિયર જનરલ મેનેજર, ઇફકો કલોલ એકમ

IFFCO
પૂર્ણતઃ સહકારી સ્વામિત્વ
Wholly owned by Cooperatives

**ઇંડિયન ફાર્મર્સ ફર્ટીલાઈજર કો-ઓપરેટિવ લિમિટેડ**
ઇફ્કો સદન સી-૧, ડિસ્ટ્રિક્ટ સેન્ટર, સાકેત પ્લેસ, નવી દિલ્હી- ૧૧૦૦૧૭, ભારત wwww.iffco.in

### એસપીની સુચનાથી એલસીબીની કામગીરી

# સાવરકુંડલામાં વિદેશી દારૂની હેરફેર કરનાર ૨ ઈસમોની અટકાયત કરવામાં આવી

### રૂપિયા ૧.૬૩ લાખનો મુદ્દામાલ જબ્બે

અમરેલી, તા. ૫

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાની રાહબરીહેઠળએલ.સી.બી.ટીમગઈકાલે સાવરકુંડલાવિસ્તારમાંપેટ્રોલીંગમાંહતા. તેદરમિયાનમળેલબાતમીહકિકતઆધારે ઉના તાલુકાના ઉમેજ ગામે રહેતા ભાવેશ ભીખુભાઈ ગોહિલતથામુનાફહારૂનભાઈ ઉનડજામ નામના બે ઈસમો ભારતીય બનાવટનીવિદેશીદારૂનીવ્હીસ્કીની૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ ૪૨ કિંમત રૂપિયા ૧૩,૮૬૦ તથા એક કાર નં. જી.જે.–૩૨ કે–૩૫૩૮ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦ મળી કુલ રૂપિયા



૧,૬૩,૮૬૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી, હાજર નહીં મળી આવેલ નજમુદ્દીન અબુભાઈ જાદવ (રહે. સાવરકુંડલા) આરોપીઓવિરૂધ્ધકાયદેસરનીકાર્યવાહી કરી પકડાયેલ આરોપી તથા મળી આવેલ મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા સાવરકુંડલાટાઉનપોલીસસ્ટેશનમાંસોંપી આપેલછે.

### ૧૭ થી ૩૦ વર્ષની ઉગતી ઉંમરે અંતિમ વિદાય લીધી

# અરેરાટી : અમરેલી જિલ્લામાં એક યુવક, એક તરૂણી અને એક પરિણીતાએ કરી આત્મહત્યા

### ૨ વ્યકિતએ ઝેરી દવા અને ૧ વ્યકિતએ ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લામાં છેલ્લા એકાદ વર્ષથી આત્મહત્યા કે વાહન અકસ્માતથી થતાં મોતની ઘટનામાં વધારો થયો હોય તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે. જિલ્લામાં દર વર્ષે ૮૦૦ થી ૧ હજાર જેટલા બનાવો અપમૃત્યુનાં બની રહ્યા હોય સભ્ય સમાજ, સરકાર, સામાજિક આગેવાઓ આ બાબતે ગંભીરતાથી વિચાર કરવો જરૂરી છે.

દરમિયાનમાં અમરેલી જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન અલગ અલગ ત્રણ અપમૃત્યુના બનાવો જે તે પોલીસમાં જાહેર થતાં સ્થાનિક પોલીસે બનાવ અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં બાબરાના કરીયાણા રોડ ઉપર રહેતી હિરલબેન ભનુભાઈ ધુંધરવા નામની ૧૭ વર્ષિય તરૂણીએ ગત તા. ૪ના રોજ બપોરના ૨ વાગ્યે બાબરા ગામે કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ જતા તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં ધારી તાલુકાના નવાગામે રહેતા રૂતેશભાઈ મનસુખભાઈ ચારોલીયા નામના ૨૫ વર્ષિય યુવકના પત્નિ રીસામણે ચાલ્યા ગયા હોય જેથી આ યુવકને મનમાં લાગી આવતા ગત તા. ૩ના રાત્રીના આશરે સાડા આઠેક વાગ્યે નવાગામે બાબુભાઈ મનુભાઈ કોઠીયાની વાડીએ કોઈ ઝેરી દવા પી જતા યુવકનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ત્રીજા બનાવમાં સાવરકુંડલા ગામે આવેલ મણીનગર નવી મસ્જિદ પાસે રહેતી ઈલાબેન નરેશભાઈ કરશનભાઈ કાંગસીયા નામની ૩૦ વર્ષિય પરિણીતાએ ગત તા. ૩ના રોજ ૧૨:૩૦ વાગ્યા દરમિયાન કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતાં તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### કેરિયારોડ ઉપર ગુરૂકૃપા ટ્રેડલીંક નામની દુકાનમાં ચેકીંગ થતાં

# અમરેલીમાં લાયસન્સ વગર ફટાકડાનું વેચાણ કરનાર વિરૂધ્ધ કાર્યવાહી

### એસપીની સુચનાથી એસઓજીની કામગીરી

અમરેલી, તા. ૫

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા અમરેલી જિલ્લા ખાતે વધુમાં વધુ કામગીરી કરવા સૂચના આપેલ હતી. જે અનુસંધાને અમરેલી એસ.ઓ.જી. ટીમે અમરેલી શહેર વિસ્તારમાં આવેલ અલગ અલગ સ્થળોએ આવેલ ફટાકડાનું વેચાણ, સંગ્રહ કરતા સ્થળોની તપાસ કરતા હોય. જે દરમ્યાન તેમને બાતમી મળેલ કે અમરેલીના કેરીયા રોડ પર આવેલ ગુરૂકૃપા ટ્રેડલીંક નામની દુકાને વગર લાયસન્સે ગેરકાયાદેસર રીતે ફટાકડાનું વેચાણ થઈ રહેલ છે.

જે અન્વયે એસ.ઓ.જી. ટીમે બાતમીવાળી જગ્યાએ તપાસ કરતા અમરેલીમાં આઈ.ટી.આઈ.



કોલેજની સામે રહેતા દર્શનભાઈ ઘનશ્યામભાઈ રેણુકા નામના ઈસમનાં કબ્જામાંથી વિવિધ પ્રકારના સ્ફોટક પદાર્થના ફટાકડા કિંમત રૂપિયા ૯,૨૬૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી અને તેમની વિરૂધ્ધ ધી સ્ફોટક એકટ તથા બી.એન.એસ. એકટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી આગળની તપાસ અર્થે અમરેલી સીટી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

### પ્રગતિશીલ ખેડૂતનો નવતર પ્રયોગ સફળ રહ્યો

# અરે વાહ : ધારીનાં દિતલા ગામે એક આંબાનાં વૃક્ષ ઉપર ૧૪ પ્રકારની કેરીઓ પાકી રહી છે

### નાળીયેરો, ગુલાબીયો, વરિયાળીઓ સહિત અલગ–અલગ કેરીઓ જોવા મળે





અમરેલી, તા. ૫

ધારી તાલુકાના દિતલા ગામમાં ૨૦ વિઘાની ખેતી ધરાવતા ઉકાભાઈ ભટ્ટી નામના ખેડૂત આમ તો એક પ્રગતિશીલ ખેડૂત તરીકે આખા અમરેલી જિલ્લામાં પ્રખ્યાત છે. પોતાની વાડીમાં પણ આંબાનો એક જબરજસ્ત બગીચો ઉભો કર્યો છે. પરંતુ તેના ઘર આંગણે ૧ આંબાના વૃક્ષ પર અલગ અલગ બીજી જાતની કેરીઓની કલમો ચડાવી છે. જેથી આ એક જ વૃક્ષ પર ૧૪ પ્રકારની કેરીઓ જોવા મળે છે.

આ ૧૪ પ્રકારની કેરીઓમાં લુપ્ત થઈ જતી કેરીના નામ પણ લોકોએ કદાચ સાંભળ્યા પણ નહિ હોય તેવી અલગ અલગ જાતની કેરીઓ આંબાના વૃક્ષ પર લટકી રહી છે. આગામી દિવસોમાં વૈશાખ મહિનો આવું આવું થઈ રહયો છે ત્યારે આ ૧૪ જાતની આંબાની કેરીઓ પણ બજારમાં આવશે. પણ આ એક જ વૃક્ષ પર ૧૪ પ્રકારની કેરીઓ ઉત્પન્ન કરતાં પ્રગતિશીલ ખેડૂતે ખુટા કલમથી ૧૪ પ્રકારની કેરીઓ વિકસાવી હતી.

એક જ આંબાના વૃક્ષ પર ૧૪ પ્રકારની કેરીઓની જાત પણ સાવ સાંભળી ન હોય તેવી છે. જેમાં સાદા આંબાના દેશી વૃક્ષ પર ખુટા મારીને આમ્રપાલી, નીલમ, દશેરી, બેગમ, નિલેશાન નામની કેરીઓની જાત વિકસાવી છે. તે ઉકાભાઈ મહારાષ્ટ્રમાં ગયેલા ત્યારે અમુક જાતની કેરીઓ વિકસાવાનો વિચાર આવ્યો હતો અને તે અંગે અન્ય તાલુકા મથકોએથી ખેડૂતો આ એક જ આંબાના વૃક્ષ પર ૧૪ પ્રકારની કેરીઓ કેમ ઊગે તેના રિસર્ચ કરવા આવ્યા હતા.

હાલમાં દરેક ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ ઢળી રહયા છે ત્યારે આવી કયારેય ના જોઈ હોય કે કેરીના નામ પણ સાંભળયા ના હોય તેવી કેરીઓ મહારાષ્ટ્રમાં અને અન્ય રાજયમાં પાકતી કેરીઓ ગુજરાતના ગીર કાંઠાના ધારી તાલુકાના દીતલા ગામે રહેતા ઉકાભાઈ ભટ્ટીના ઘર આંગણે એક જ આંબાના વૃક્ષ પર એકીસાથે ૧૪ પ્રકારની અલગ અલગ પ્રકારની અને અલગ અલગ સ્વાદની કેરીઓ પ્રગતિશીલ ખેડૂત ઉકાભાઈ ભટ્ટીને ત્યાં આજે જોવા મળી રહી છે. ઉકાભાઈની મહેનત અંગે ગર્વ કરતા સ્થાનિક લોકો પણ આ કેરીનું વૃક્ષ જોઈને નવાઈ પામ્યા છે.

બાગાયતી પાકોમાં આ એક જ આંબાના ઝાડ પર ૧૪ પ્રકારની કેરીઓ પાકે તે નવાઈ સાથે અદભુત કિસ્સો ગણાવ્યો છે. જે અંગે ખુદ ઉકાભાઈ ભટ્ટી દ્વારા આ એક વૃક્ષ પર ૧૪ પ્રકારની અલગ અલગ કેરીઓ જેમના નામો પણ જાણીને આશ્ચર્ય થાય તેવા નાળીયેરો, ગુલાબીયો, દાડમો, સિંદુરીય , કાળો જમાદાર, વરિયાળીયો, સરદાર, પાયલોટ, આષાઢીયો જેવી કેરીઓ નવાબ કાળમાં ૨૦૦ જાતો કેરીઓની હતી જેમાંથી માત્ર કેસર કેરીઓ જ જોવા મળતી હોય. પણ અન્ય કેરીઓ લુપ્ત થઈ ગઈ છે તેવી કેરીઓ ઉકાભાઈ ભટ્ટીએ પોતાના વૃક્ષમાં આલ્બમ જેમ સાચવી રાખી છે.

નવાબી કાળમાં ૨૦૦ પ્રકારની કેરીઓ જોવા મળતી હતી પણ ધીમેધીમે આ જૂની કેરીઓના આંબાઓ લુપ્ત થઈ જતા હવે નવી પેઢીઓને આ કેરીઓ અંગે માહિતી મળી રહે ને એવી કેરીઓ પણ હતી તે ઉદ્દેશ્યને સાર્થક કરવા ઉકાભાઈ ભટ્ટી દ્વારા અલગ અલગ જગ્યાએ ફરીને પણ આવી કેરીઓના આંબા શોધીને પોતાના આંબા પર આ કેરીની જાતો વિકસાવી છે જે પ્રગતિશીલ ખેડૂત તરીકે ઉકાભાઈ ભટ્ટી જિલ્લાભરમાં પ્રચલિત બન્યા છે.

### સરપંચની આગેવાનીમાં આવેદનપત્ર પાઠવાયુ

# લીલીયા મોટા : હાથીગઢ ગામે રેલ્વે ફાટક બંધ ન કરવા માંગ ઉભી થઈ

### ૧૦૦ જેટલા ખેડૂતોની મુશ્કેલી વધવાની શકયતા

લીલીયા, તા. ૫

લીલીયા તાલુકાના હાથીગઢ ગામે ફાટક નંબર ૩૪ બંધ ના કરવા બાબત હાથીગઢના સરપંચ પાયલબેન નિલેશભાઈ ધોરાજીયા દ્વારા મામલતદારને આવેદન પત્ર પાઠવ્યું. જેમાં જણાવેલ કે, હાથીગઢ ગામના રેલ્વે ફાટક નંબર ૩૪ની ગામથી સામે પાર ૫૦૦ વીઘા જેટલી ખેતીની જમીન આવેલી છે. જેથી બહોળી સંખ્યામાં ખેડૂતો તેમજ માલઢોરની અવર જવર રહે છે. પરંતુ હાલમાં રેલ્વે તંત્ર તરફથી આ ફાટક કાયમી ધોરણે બંધ કરવાની હિલચાલ થઈ રહી છે. જો આ ફાટક કાયમી બંધ



કરવામાં આવે તો ૧૦૦ થી વધુ ખેડૂતોને અવર જવર બંધ થઈ જાય તેમ છે. જેથી આ ફાટક બંધ ન થાય અને કાયમી ધોરણે તે અંગે રેલ્વે તરફથી ઘટતું થાય તેવી વિનંતી લીલીયા મામલતદારને આવેદનપત્ર પાઠવી કરવામાં આવેલ છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# બાબરામાં ભાજપ પરિવાર દ્વારા શહેર ભાજપના નવનિયુકત અને પૂર્વ પ્રમુખનો આવકાર અને વિદાય કાર્યક્રમ યોજાયો







તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં સર્કિટ હાઉસ ખાતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના માર્ગદર્શન હેઠળ બાબરા ના પ્રર્વ શહેર ભાજપ પ્રમુખ અને વિદાય કાર્યકમ રાખવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામા શહેર ભાજપના અગ્રણીઓ નગરપાલિકાના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. બાબરા શહેર ભાજપના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયાની ટર્મ પૂર્ણ થતાં ઘણા સમયથી નવ નિયુકત શહેર ભાજપ પ્રમુખ તરીકે સ્થાનિક અગ્રણીઓ અને કાર્યકર્તાઓ રાહ જોઈને બેઠા હતા ત્યારે પ્રદેશ ભાજપ દ્વારા શહેર ભાજપના પ્રમુખ તરીકે શહેર ના જાણીતા એડવોકેટ અને યુવા પાટીદાર ચહેરા તરીકે એડછોકેટ કિરીટભાઈ પરવાડિયાની વરણી કરવામાં આવતા ધારાસભ્ય સહિત શહેર અને તાલુકાના ભાજપના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ દ્વારા વરણીને આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી નવ નિયુકત છેલ્લા બે દાયકાઓથી શહેર ભાજપના ના સંગઠનમાં પક્ષનું કામ કરી રહ્યા છે તેમજ અનેકવાર નગરપાલિકા ની ચુંટણી પણ લડી ચુકયા છે ત્યારે પક્ષમાં પૂર્ણ વફાદારી કામ કરવા બદલ પ્રદેશ ભાજપ દ્વારા તેમને શહેર ભાજપના પ્રમુખ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે પોતાની શહેર ભાજપના પ્રમુખ તરીકે વરણીને સહર્ષ સાથે ખુશીની લાગણી વ્યકત કરતા તેઓએ જણાવ્યું હતું કે સૌનો સાથ સોનો વિકાસ ના સૂત્ર ને સાથે રાખી આગામી દિવસોમાં શહેર ભાજપના સંગઠને વધુ મજબૂત કરવામાં આવશે તેમજ રાજય ને કેન્દ્ર સરકાર ની લોક કલ્યાણકારી યોજનાઓ લોકો લાભ મેળવો તે દિશામાં શહેર સંગઠન કામ કરશે. શહેર ભાજપના પ્રમુખ તરીકે વરણી કરવા બદલ રાજયના મુખ્યમંત્રી તેમજ પ્રદેશ પમુખ સી.આર.પાટીલ તેમજ ધારાસભ્ય, જિલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણી જિલ્લા ભાજપના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા સહિતના સિનિયર અગ્રણીઓ નો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો જયારે શહેર ભાજપ પ્રમુખ તરીકે છેલ્લા પાંચ વર્ષે સતત પક્ષની સેવા કરતા મુકેશભાઈ ખોખરીયા ને વિદાય સમયે લાગણીસભર જોવા મળ્યા હતા તેઓ જણાવ્યું હતું પક્ષ ને માતાની જેમ સેવા કરી છે અને આગળ પણ એક કાર્યકર તરીકે જીવનના છેલ્લા શ્વાસ સુધી પક્ષમાં વફાદાર સૈનિક તરીકે કામ કરતો રહીશ પાંચ વરસ સુધી શહેર ભાજપ ના પ્રમુખ તરીકે કામ કરવાની તક મળી તે જીવન નો અતિ મહત્વ નું ભાગ્ય છે જે કાયમ યાદ રહેછે પાંચ વરસ દરમિયાન ઘણી ચૂંટણીઓ જીત્યા અમુક હાર્યા પણ નિરાશા કોઈ દિવસ વ્યાપી નથી લોકો ની વચ્ચે રહી લોક સેવા કરતા રહવાનો સંકલ્પ કર્યો છે. અહી સર્કિટ હાઉસ ખાતે નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિમાં ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલિયા, શહેર યુવા ભાજપ ના પ્રમુખ હરેશભઈ આખજા, એડવોકેટ પ્રતાપભાઈ ખાચર, ભુપતભાઈ બસિયા, જગદીશભાઈ વાવડીયા, રસિકભાઈ ગોજારીયા, અલ્તાફભાઈ ગોગદા, નરેશભાઈ મારૂ, ધર્મેશભાઈ વાવડીયા, ભરતભાઈ રંગપરા, કરીમભાઈ કોટડીયા, વગેરે શહેર ભાજપના અગ્રણીઓ કાર્યકર્તાઓ તેમજ નગરપાલિકા સભ્યો ઉપસ્થિત રહી વર્તમાન નવ નિયુકત પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા ને સાલ અને ફુલહાર પેરાવી સ્વાગત સન્માન કરી આવકાર આપ્યો હતો અને પૂર્વ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા ને શ્રીફળ સાકરનો પડો અર્પણ કરી ભાવભરી વિદાય આપવામાં આવી હતી.

## રામજી કી નિકલી સવારી, રામજી કી લીલા હૈ ન્યારી, એક તરફ લક્ષ્મણ, એક તરફ સીતા બીચ મે જગત કે પાલનહારી


# અમરેલી જિલ્લામાં ''શ્રીરામ લલ્લા'' નાં જન્મોત્સવને લઈને ઉત્સાહ


ધાર્મિક અને સામાજિક સંગઠનો દ્વારા શોભાયાત્રા, મહાઆરતી સહિતનાં અનેકવિધ કાર્યક્રમોનું આયોજન

મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામનાં આદર્શોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ લેવાનો ઉત્તમ દિવસ


ભગવાન શ્રી રામનાં રાજમાં છેવાડાનાં માનવીનો અવાજ પણ સાંભળવામાં આવતો હતો

સમગ્ર વિશ્વનાં સત્તાધીશો ભગવાન શ્રી રામનાં રાજની જેમ શાસન ચલાવે તો સૌ કોઈ સુખી થાય










અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા સહિત સમગ્ર દેશમાં આવતીકાલે ભગવાન શ્રી રામનાં જન્મોત્સવ એટલે કે ''રામનવમી''ની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે.

અમરેલી, સાવરકુંડલા, રાજુલા સહિતનાં શહેરો તેમજ ગ્રામ્ય વિસ્તારમાં આવેલ ''રામજી મંદિર''ને શણગાર કરવામાં આવ્યો છે તો ઠેકઠેકાણે ભગવાન શ્રી રામની વિશાળ શોભાયાત્રા અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

અમરેલીમાં ભગવાન શ્રી પરશુરામ મંદિરેથી શોભાયાત્રાનું પ્રસ્થાન થશે જે શહેરનાં રાજમાર્ગો પર ફરશે. તો સાંજે સુપ્રસિધ્ધ રામજી મંદિરે મહા આરતીનું પણ આયોજન કરવામાં આવેલ છે.

મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામનાં રાજમાં નાનામાં નાની વ્યકિતઓને પણ ન્યાય મળતો હતો અને જે દેશ અને વિદેશનાં તમામ શાસકો ભગવાન શ્રી રામનાં સિધ્ધાંતો પ્રમાણે શાસન ચલાવે તો સમગ્ર વિશ્વનાં નાગરિકોનાં સુખ, સુવિધા, સમૃધ્ધિમાં ચોકકસ વધારો થઈ શકે તેમ છે.

**સાવરકુંડલા**

સાવરકુંડલા નગર જાણે કે અયોધ્યાપુરીમાં ફેરવાઈ ગયું છે. શ્રીરામ જન્મોત્સવ સમિતિ, વિવિધ મંડળો અને રામભકતોના સહિયારા પ્રયાસોથી નગરને ભવ્ય રીતે શણગારવામાં આવી રહ્યું છે. ઠેર ઠેર રોશની, ધજા–પતાકા અને આકર્ષક સજાવટથી શહેરને રામમય બનાવવામાં આવી રહ્યું છે. રામનવમીની શોભાયાત્રાને લઈને નગરજનોમાં ભારે ઉત્સાહ અને ઉમંગનો માહોલ જોવા મળી રહ્યો છે. શોભાયાત્રાના રૂટ પર સફાઈ અને સ્વચ્છતાનું ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. સાવરકુંડલામાં પ્રથમવાર વર્ષ ૧૯૮૩ થી શરૂ કરાયેલી આ શોભાયાત્રાની પરંપરા આજે પણ એટલી જ ધામધૂમથી ચાલી આવે છે. સમગ્ર સાવરકુંડલા તાલુકાની ધર્મપ્રેમી જનતા હજારોની સંખ્યામાં આ શોભાયાત્રામાં જોડાય છે, જે ભગવાન શ્રીરામ પ્રત્યેની તેમની અપાર શ્રદ્ધા અને ભકિતનો પુરાવો આપે છે.

શ્રીરામ જન્મોત્સવ સમિતિ દ્વારા આ વર્ષે પણ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સમિતિ દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને આ શોભાયાત્રામાં જોડાવા માટે ભાવભર્યુ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સાવરકુંડલામાં રામનવમીના પાવન અવસરને લઈને ભારે ઉત્સાહ અને ઉમંગનો માહોલ જોવા મળી રહ્યો છે. નગરજનો રામલલ્લાના આગમનને વધાવવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ભવ્ય શોભાયાત્રામાં જોડાઈને રામભકતો ભકિતમય વાતાવરણનો આનંદ માણશે અને ભગવાન શ્રીરામના આશીર્વાદ મેળવશે.

## પ્રમુખ તરીકે દિનેશભાઈ ભુવાને પુનઃ જવાબદારી

# અમરેલીનાં મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસીએશનનાં હોદ્દેદારોની હરીફ વરણી

### ઉપપ્રમુખ પદે શૈલેષભાઈ ચૌહાણની પુનઃ વરણી




અમરેલી, તા. ૫

અમરેલી મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસિએશન દ્વારા કારોબારી મીટીંગ મળી. જેમાં સર્વોનું મતે પ્રમુખ તથા ઉપપ્રમુખને બિનહરીફ બીજી ટર્મ માટે જાહેર કરાયા. પ્રમુખ તરીકે દિનેશભાઈ દકુભાઈ તથા ઉપપ્રમુખ તરીકે શૈલેષભાઈ હકુભાઈ ચૌહાણ, મહામંત્રી વિજયભાઈ બુંધેલિયા, સહ મહામંત્રી પંકજભાઈ મસરાણી, સહ મહામંત્રી જયદેવભાઈ કોઠિવાળ, ખજાનચી મુકેશભાઈ કુંજડીયા, સહ ખજાનચી અજયભાઈ ધાધલ, સહ ખજાનચી કિશનભાઈ ધરજીયા, સંગઠન મંત્રી જયેન્દ્રભાઈ શિંગાળા, સંગઠન મંત્રી ધર્મેશભાઈ ભંડેરી, સંગઠન મંત્રી ગોપાલભાઈ ટાંક, સંગઠન મંત્રી હિતેશભાઈ નાકરાણી, સંગઠન મંત્રી પ્રશાંતભાઈ નગદીયા, સંગઠન મંત્રી ભરતભાઈ સાવલીયા, મીડિયા સેલ આશિષભાઈ સોજીત્રા, મીડિયા સેલ શશાંકભાઈ મહાજન, મીડિયા સેલ ગોપાલભાઈ ઝીંઝુવાડીયા, સંકલન સમિતિ પ્રફુલ્લભાઈ ચોવટીયા, સંકલન સમિતિ કમલેશભાઈ મહેતા તથા સુરેશભાઈ ભાલાળા, વિનુભાઈ ભાડ, હિરેનભાઈ ગાંગડીયા, પરાગભાઈ વડેરા, દેવાભાઈ વાળા, વિશાલભાઈ ભુવા, ભાવેશભાઈ નાકરાણી, સુરેશભાઈ આદ્રોજા, નિખિલભાઈ મશરૂ, અનિલભાઈ બાંભરોલીયા તથા ટીમ કાર્યરત રહેશે.

પ્રમુખ, ઉપપ્રમુખ બિનહરિફ જાહેર થતા અભિનંદનની વર્ષા થઈ હતી. તથા આવનાર રવિવારે તા. ૬/૫/૨૫ને રામનવમી નિમિતે નીકળતી શોભાયાત્રામાં પણ મોટા બસ સ્ટેન્ડ ચોક વેપારી એસોસિએશનના સભ્યો બહોળી સંખ્યામાં જોડાય તેવું પ્રમુખ દ્વારા આહવાન કરવામાં આવ્યું છે. તથા શોભાયાત્રાના સ્વાગત માટે મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસિએશન દ્વારા તૈયાર ચાલી રહી છે. તેવું અખબારી યાદીમાં ગોપાલ ઝીંઝુવાડીયાએ જણાવેલ છે.

# સાવરકુંડલા ખાતે ગુરૂકુળમાં ફ્રી નેત્ર નિદાન કેમ્પ યોજાયો





સાવરકુંડલા, તા. ૫

શિક્ષણ સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણના ધામ સમા સ્વામીનારાયણ ગુરૂકુળ સાવરકુંડલા દ્વારા મોતિયાના દર્દથી પીડાતા દર્દીઓને ધ્યાનમાં રાખી તા. ૪/૪/૨૫ને શુક્રવારના રોજ શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજીની પાવન સ્મૃતિમાં ૩૩૪માં નેત્ર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં વિરનગર હોસ્પિટલના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરો દ્વારા ૯૦ જેટલા મોતિયાના દર્દીઓની તપાસ કરવામાં આવી, જેમાંથી કુલ ૨૦ જેટલા દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂર હોય એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ઓપરેશન તેમજ સારવાર આપવામાં આવી હતી અને જે દર્દીઓને ચશ્મા અને દવાઓની જરૂર હતી એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ચશ્મા તેમજ દવાઓ પૂરી પાડવામાં આવી હતી. આ ૩૩૪માં વિનામૂલ્યે મહાનેત્રયજ્ઞનું દિપ પ્રાગટય સંસ્થાના વડા પરમ પૂજય શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામી તથા વીરનગર હોસ્પિટલના ડોકટર સાથે કરવામાં આવેલ. નેત્ર કેમ્પના યજમાન પદે– માવજી મેઘજી કેરાઈ તથા પરિવાર માધાપર–કચ્છ રહ્યા હતા.

## જિલ્લા પંચાયત સદસ્ય વિપુલ દુધાતની રજુઆત

# ખેડુતોનાં હિતમાં રૂપિયા પાંચ લાખનું પાક ધિરાણ શરૂ કરવા માંગ

### રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો




અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતે મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે સરકાર દ્વારા ખેડૂતોને વગર વ્યાજે ૩ લાખ સુધીનું પાક ધિરાણ હાલમાં આપવામાં આવે છે. અને હાલમાં બજેટમાં ૫ લાખ સુધીનો વધારો કરવામાં આવેલ છે. પરંતુ તે અંગેનો પરિપત્ર કરવામાં આવેલ નથી. જેથી હાલમાં ખેડૂતોને બેંક કે સહકારી મંડળીઓ દ્વારા પાક ધિરાણ લેવામાં અગવડતાઓ પડે છે અને જેથી જગતના તાત ખેડુતોના હિતમાં ૫ લાખ સુધીના પાક ધિરાણ અંગેનો પરિપત્ર તાત્કાલિક કરવા અંતમાં માંગ કરેલ છે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...

**મગડી ગુંદીના લાડુ**

નાયલોન તથા વાટીદાળનાં **ખમણ**

પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ

તેમજ અવનવા તાજા ફરસાણ મળશે

સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી

બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો

તેમજ અમારી

સ્પે. આઈટમ ફરાળી ચટણી

હાજરમાં મળશે

શિવ

નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ■ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

॥ વંદે માતરમ્ ॥

YAMAHA Revs Your Heart જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA




જીજ્ઞેશ એજન્સી

લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.

મો. ૭૦૪૮૯ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA **સ્ટાફ જોઈએ છે** HONDA The Power of Dreams

સેલ્સ એક્ઝિક્યુટિવ (Boys & Girls) ..02

વોશિંગ બોય (Boys) ..................03

આકર્ષક પગાર + બોનસ

નોંધ : માત્ર અમરેલી જિલ્લાના સ્થાનિક વ્યક્તિઓએ જ સંપર્ક કરવો

રસ ધરાવતા વ્યક્તિઓએ રૂબરૂ સંપર્ક કરવો.

સંપર્ક સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦, સાંજે ૫:૦૦ થી ૭:૦૦

પરીખ હોન્ડા રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી. Mo. 8200500295

રીઝયુમ Smparikhautomobiles@gmail.com ઉપર મોકલશો.




મારુતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર

આલ્ફા ઓટોલિંક

સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.

સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999




Navnit Hero Near Gopi Cinema, Station Road, Amreli-365601 +91 92899 22254 navnit@heromotocorp.biz

<u>પ્રકરણ...૨૨૭ –૧૯૬૩</u>

**ફિલ્મી સફર ...એક ઈતિહાસ..પ્રકરણ ...૨૨૯–૧૯૬૩**

**તુમ્હે પા કે હમ ને.. જહાં. પા લિયા હૈ.. ઝમી તો ઝમી આસમા પા લિયા**
**મેરે મેહબૂબ મે કયાં નહીં.. મેરે મેહબૂબ કયાં નહીં...**
**તેરે પ્યાર મે દિલદાર.. જો હૈ મેરા હાલે... એ ઝાર.. કોઈ દેખે યા ના દેખે..**
**પ્રિય વાચક મિત્રો ,**

આજે ભગવાન શ્રી રામનો જન્મોત્સવ શ્રીરામ નવમી છે, તમામ વાચક મિત્રોને શ્રી રામ નવમીની હાર્દિક શુભ કામનાઓ.. આ સપ્તાહમાં ભગવાન શ્રી મહાવીર સ્વામીનો જન્મોત્સવ અને ભગવાન શ્રી હનુમાનજીનો જન્મોત્સવના તહેવારો આવી રહ્યા છે, તમામ વાચક મિત્રોને શ્રી મહાવીર જયંતિ અને શ્રી હનુમાન જન્મ મહોત્સવની હાર્દિક શુભ કામનાઓ સાથે ૧૯૬૩ના ફિલ્મી સફરમાં આપણે અંતિમ સુપર હિટ ફિલ્મો તરફ જઈ રહ્યા છીએ. આજે રાજેન્દ્ર કુમારની સુપર હિટ ફિલ્મ ની વાત કરીશું, સાથે આ વર્ષની પ્રથમ નંબરની ફિલ્મની થોડી વાત કરીશું.

કોઈપણ મનુષ્યના જીવનમાં કોઈ અપરાધ થઈ જાય, અને તેની સજા તેને મળે તો જે વ્યક્તિના હૃદયમાં માનવતા જીવિત છે, તેને એક અઝમ્પો રહ્યા કરે છે, સાથે સમાજ પણ આ



વ્યક્તિ સાથે તેણે અપરાધની સજા ભોગવી લીધા બાદ પણ એક અપરાધીની નઝરથી જુવે છે, ત્યારે જેતે વ્યક્તિ તે અપરાધના બોજ નીચે તેના જીવનના અંત સુધી પહોચવા મજબૂર થઈ જાય છે. આ એવા વ્યક્તિની વાત છે, જે માનવતા સાથે જોડાયેલ છે, આજે અમુક વ્યક્તિઓ કોઈ અપરાધ કરે, જેમ કે હત્યા, બળાત્કાર, ગૂંડા ગર્દી કે કોઈપણ અસામાજિક કૃત્ય કરે તો તેને ધિક્કારને બદલે સન્માન આપવાનું ચલણ વધ્યું છે, લોકો જેના થી ડરે છે, તેને અપરાધીઓની ગેંગ સુરક્ષા આપે છે, કયારેક તેમાં રાજકીય બળ પણ જોડાઈ જાય છે, અને અપરાધી વ્યક્તિ રાતો રાત એક મોટો અપરાધી અને સાથે ધનવાન પણ બની જાય છે, આવા કિસ્સા આ આપણે સમાજમાં જોઈ રહ્યા છીએ, પણ આજની ફિલ્મ તેનાથી વિપરીત છે, આજ ની ફિલ્મના નાયકના હૃદયમાં માનવતા જીવિત છે, અને તે તેના અપરાધની સજા ભોગવ્યા બાદ પણ તેણે કરેલ અપરાધના કૃત્યથી માનિસિક રીતે પીડિત છે.

ગહેરા દાગ–આ પી રાલહનના નિર્માણ અને નિર્દેશન માં, શકીલ બદાયુનીના ગીતો અને રવિના યાદગાર સંગીત સાથે, રાજેન્દ્ર કુમાર, માલા સિંહા, લલિતા પવાર, ઉષા કિરણ, મુમતાઝ, મનમોહન કૃષ્ણા, રામ મોહન, રાગિણી, અને મદન પૂરીથી અભિનીત આ ફિલ્મ ૧૯૬૩ના વર્ષની નવમા નંબરની સુપર હિટ ફિલ્મ રહી, ફિલ્મનું બજેટ ૪૦ લાખ અને નફો નેવું લાખનો થયો, રાજેન્દ્ર કુમારની આ સુપર હિટ ફિલ્મ બાબત ઘણા વાચક મિત્રોને ખ્યાલ નહીં હોય એવું મારૂ માનવુ છે.

ફિલ્મની કથા ટૂંકમાં જોઈએ તો રાજેન્દ્ર એક જેલમાં એક હત્યાના ગુનામાં સજા ભોગવી રહ્યો છે, રાજેન્દ્ર એક સામાન્ય નાગરિક હતો, તેના પરિવાર સાથે સુખી હતો, એક દિવસ તે અને તેની બહેન ઉષા જે કોલેજમાં અભ્યાસ કરે છે ત્યાં, એક યુવાન રામ રાજેન્દ્રની બહેન ઉષાની છેડતી કરે છે, રાજેન્દ્ર તેને ટોકે છે, પણ તે વાત એક ઝગડાનું સ્વરૂપ લે છે, અને રાજેન્દ્ર તેની રક્ષા કરવા જતાં રામની હત્યા કરી દે છે. કોર્ટ તેને દોષિત માની સજા આપે છે, જેલના જેલર મનમોહન રાજેન્દ્ર ના સારા વર્તાવને ધ્યાનમાં લઈ, તેની સજામાં રાહત અપાવે છે. રાજેન્દ્ર જેલથી નીકળી તેની બહેન ઉષા જયાં રહે છે, ત્યાં જવા એક ઝહાજમાં મુસાફરી કરે છે, ત્યાં તેની મુલાકાત માલા અને તેની માતા લલિતા સાથે થાય છે, લલિતા દરિયામાં પડી જાય છે, પણ રાજેન્દ્ર જીવના ઝોખમે તેને બચાવી લે છે, માલા મનોમન રાજેન્દ્રને ચાહવા લાગે છે. રાજેન્દ્ર તેની બહેન ઉષાને ત્યાં પહોચે છે, નાની બહેન મુમતાઝ પણ યુવાન થઈ ગઈ છે, અને તેના લગ્ન બાબત ઉષા અને તેના પતિ મદન સક્રિય છે, તે જાણી રાજેન્દ્ર ખુશ થાય

### ફિલ્મી સફર
(એક ઈતિહાસ)
**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

છે, પણ રાજેન્દ્ર એક ખૂની છે તે વાત ઉષાએ તેના પતિથી છુપાવી રાખી છે, તે વાત થી રાજેન્દ્ર નારાઝ થાય છે, અને તે વાત મુમતાઝના લગ્નના દિવસે જાહેર થાય છે, મુમતાઝના લગ્ન અટકી જાય છે, અને રાજેન્દ્ર ઘર છોડી જતો રહે છે. રસ્તામાં માલા અને લલિતા તેને મળે છે, અને તેના ઘર લઈ જાય છે, માલા અને રાજેન્દ્ર વચ્ચે પ્રણય બંધાય છે, લલિતા પણ આ સંબંધથી ખુશ છે, માલા જાણે છે કે રાજેન્દ્ર એક ખૂની છે, પણ કોની હત્યા કરેલ છે તે તેને ખબર નથી. માલા રાજેન્દ્રને લલિતાને તે ખૂની છે તે કેહવાની ના પાડે છે, પણ રાજેન્દ્રને ખબર પડે છે કે તેણે જેની હત્યા કરી છે તે માલાનો ભાઈ છે, તો સત્ય જાહેર કરી દે છે, અને અપરાધના ભાવ નીચે આત્મ હત્યા કરવા તૈયાર થાય છે, ત્યારે મનમોહન માલા અને લલિતાને રાજેન્દ્ર એક સારો વ્યક્તિ છે તે સમજાવે છે, અને અંતે રાજેન્દ્ર અને માલાનું મિલન થાય છે, મુમતાઝના લગ્ન મનમોહનના પુત્ર સાથે થાય છે. ફિલ્મમાં રફી સાહેબ અને આશાજીના યાદગાર ગીતો છે. ફિલ્મ સુપર હિટ રહી હતી.

અકેલી મત જઈયો – રાજેન્દ્ર કુમારની આ ફિલ્મ રાજેન્દ્ર કુમારની નવી ઈમેજ લઈ આવી, અહી રાજેન્દ્ર કુમાર પ્રથમ વાર ડબલ રોલ માં છે, ફિલ્મના નાયક અને ખલનાયક બન્ને ભૂમિકા તેણે જ ભજવી છે, ૧૯૮૦ના દસકમાં ટી વી શો માં એક બોલતું પૂતળું જોવા મળતું હતું, આ શો સવારના સમયમાં આવતો હતો, ત્યારબાદ તે બોલતું પૂતળું અમિતાભની ફિલ્મ મહાનમાં પણ અમિતાભ સાથે વાતો કરતાં આપણે જોયું હતું, તે પૂતળું એટલે આજના એ આઈની પરિ કલ્પના જ કહી શકાય, આજે એ આઈ મનુષ્ય સાથે વાતો કરે છે, છતા તે નિર્જીવ છે, આ બોલતા પૂતળાનો જન્મ આજની




ફિલ્મ અકેલી મત જઈયોથી થયો હતો, અહી તે પૂતળું રાજેન્દ્ર કુમારનો સાથી બતાવ્યો છે, જે રાજેન્દ્રનો સાચો મિત્ર છે, તેની સાથે સુખ દુખ વહેચી રહ્યો છે, આ ફિલ્મ દ્વારા રાજેન્દ્ર કુમાર એક લડાયક નાયકના રૂપમાં બહાર આવ્યા, અહી રાજેન્દ્ર કુમાર અને રામ મોહનની એક ફાઈટ છે, જે રાજેન્દ્રના ફિલ્મોમાં આ પેહલા આવી લાંબી ફાઈટ આવી નથી તેવી છે. નંદલાલ જસવત લાલના નિર્દેશનમાં (આ ફિલ્મ તેમની અંતિમ ફિલ્મ રહી, આ ફિલ્મના શૂટિંગ દરમ્યાન જ તેમનું નિધન થયું હતું), ગોહર મમજવાળાના નિર્માણમાં, મજરૂહના ગીતો અને મદન મોહન ના સંગીત સાથે, રાજેન્દ્ર કુમાર (ડબલ રોલ), મીના કુમારી, આગા, રૂબી મેયર, લીલા મિશ્રા, મીનું મુમતાઝથી અભિનીત આ ફિલ્મ સફળ ના રહી.અહી રાજેન્દ્ર ડબલ રોલમાં છે, તો કહાની ટૂંકમાં જોઈએ તો, રાજેન્દ્ર અને મીના એક મજાક સાથે પ્રેમ માં પડે છે, રાજેન્દ્રને પ્રિન્સ અમર સમજી તેના સાથીદારો પકડી લે છે, અમર રાજેન્દ્ર ને નકલી રાજકુમાર બનવા માટે ધમકી આપે છે, પણ તે મીનાને મળે છે, તો રાજેન્દ્રના ચહેરાનો લાભ ઉઠાવી મીના સાથે પ્રણય મેળવવા પ્રયત્ન કરે છે,પણ મીના રાજેન્દ્રના પૂતળા મિત્રથી તેને ઓળખી લે છે, અને રાજેન્દ્ર અને મીના એક થાય છે. ફિલ્મ સફળના રહી. ફિલ્મની કથા અને સ્કીપ્ટ બરાબર ના હતા.

મેરે મેહબુબ – આ ફિલ્મ ૧૯૬૩ ના વર્ષ ની પ્રથમ નંબરની સફળ ફિલ્મ સાબિત થઈ. ૧૯૬૩ માં નાયકમાં રાજેન્દ્ર કુમાર ત્રણ ફિલ્મો, અશોક કુમાર ચાર ફિલ્મો, અને સુનિલ દત બે ફિલ્મો સાથે અગ્રેસર રહ્યા, તો અભિનેત્રીમાં માલા સિંહા અને નુતન બે ફિલ્મો સાથે આગેસર રહ્યા, પણ પ્રથમ નબરની અભિનેત્રી સાધના રહ્યા, સંગીતકારમાં એસ ડી બર્મન અને રવિ બે ફિલ્મો સાથે આગળ રહ્યા, પણ પ્રથમ નંબરે નેશાદ રહ્યા. આ ફિલ્મ રંગીન હતી, ૧૯૬૩ના સમય બાદ નિર્માતા અને નિર્દેશકોને પૂરો વિશ્વાસ આવી ગયો હતો કે જો ફિલ્મ રંગીન હોય અને સાથે ટોચના કલાકારો અને સંગીત અને ગીત સાથે માત્ર એક મનોરંજન માટે ફિલ્મનું નિર્માણ કરીયે તો સફળતા લગભગ નિશ્ચિત હોય છે, તેથી હવે આગામી સમયથી હિન્દી સિનેમામાં રંગીન ફિલ્મો વધુ જોવા મળશે, પણ બ્લેક અને વ્હાઈટ ફિલ્મો હજુ ૧૯૬૬ – ૬૭ સુધી આવતી રેહશે.

મેરે મેહબુબ ફિલ્મ એક મુસ્લિમ પરિવારો સાથે જોડાયેલી સંગીત મય ફિલ્મ છે, અલીગઢ મુસ્લિમ વિદ્યા લયમાં આ ફિલ્મનું ઘણું શૂટિંગ થયેલું છે, આ ફિલ્મનું શૂટિંગ અલીગઢમાં પણ થયું છે, એચ એસ રવેલના નિર્દેશન અને નિર્માણમાં, હિન્દી અને ઉર્દુ ભાષામાં બનેલી આ ફિલ્મ વર્ષની સુપર હિટ ફિલ્મ સાબિત થઈ. જગદીશ રાજ આ ફિલ્મ ના સહાયક નિર્માતા હતા, સિનેમા ઓટો ગ્રાફી જી સિંગ, કૃષ્ણ સચદેવની એડિટિંગ, શકીલ બદાયુની ના લખેલ ગીતો અને નેશાદ સાહેબનું મધુર સંગીત જેમાં, આશાજી, લતાજી, અને રફી સાહેબના મુલાયમ સ્વરના ગીતો આજેપણ લોકપ્રિય છે, આ ફિલ્મમાં અશોક કુમાર, રાજેન્દ્ર કુમાર, સાધના, નિમમી, જહોની વોકર, સુંદર, અમિતા, મુમતાઝ બેગમ, પ્રવીણ પાલ, મુરાદ, અને પ્રાણ દ્વારા અભિનય આપવામાં આવ્યો હતો. આગામી અંકમાં આ ફિલ્મની કથા, ફિલ્મ ફેર એવાર્ડ સાથે ૧૯૬૩ના વર્ષની ફિલ્મો પૂરી કરીશું. આભાર.

## *કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા–જાડાપણૂં (ફખભકયતથ)–ભાગ–૨*


કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા–જાડાપણૂં (OBESITY)–ભાગ–૨

તંદુરસ્ત વ્યક્તિનું આદર્શ વજન કેટલું હોવું જોઇએ ?

ઘણા લોકો પ્રશ્ન પુછતા હોય છે કે 'મારૂં આદર્શ વજન કેટલું હોવું જોઇએ ? અથવા 'મારૂં વજન નોર્મલ કહેવાય કે વધારે ? સામાન્ય રીતે જે તે સમુદાયમાં રહેતા તંદુરસ્ત લોકોના વજનની સરેરાશ કાઢીને આદર્શ વજન નક્કી કરવામાં આવે છે. પરંતુ આ રીતે નક્કી કરેલું વજન દેશ, વિસ્તાર, સમુદાય પ્રમાણે બદલાય છે અને કેટલાક દેશોમાં ઘણા બધા લોકોનું વજન જોઇએ તે કરતાં વધારે હોય તો એ દેશમાં વજનની સરેરાશ પણ વધારે આવે.

આરોગ્યની દ્રષ્ટીએ આદર્શ વજનથી ૨૦ ટકા વધુ વજન ધરાવતી વ્યક્તિને મેદવૃદ્ધિ (ઓબેસિટી) નો રોગ છે એવું કહી શકાય. જો કે આ નિદાન કરતાં પહેલા ચરબી સિવાયના અન્ય વજન વધવાનાં કારણો (દા.ત. શરીરમાં પાણીનો ભરાવો) નથી એની ખાતરી કરી લેવી પડે છે.

પુખ્ત વયની ઉંમરના માણસોના વજનનો સીધો આધાર તેમની ઉંચાઇ પર રહેલો હોય છે. દરેક ઉંચાઇ માટેનું સરેરાશ વજન બદલાય અને ઉંચાઇની સાથે વધે. એટલે આદર્શ વજન જાણવા માટે પહેલા ઉંચાઇ જાણવી જરૂરી છે. વજન નોર્મલ છે કે નહી તે નક્કી કરવા માટે બોડી માસ ઈન્ડેક્ષ નામની ફોર્મ્યુલા વાપરવામાં આવે છે. આ ફોર્મ્યુલા પ્રમાણે વ્યક્તિના વજન (કિ.ગ્રા.)ને એની ઊંચાઇ (મીટર)ના વર્ગથી ભાગતાં જે આંક મળે તે બોડી માસ ઈન્ડેક્ષ તરીકે ઓળખાય છે. આ બોડી માસ ઈન્ડેક્ષ ભારતીય લોકો માટે ૧૮ થી ૨૩ની વચ્ચે હોવો જોઇએ. જો આ ઈન્ડેક્ષ ૨૫ થી વધુ આવે તો વ્યક્તિ મેદવૃદ્ધિનો ભોગ બની છે એવું કહી શકાય. સરળ રીતે એવું કહી શકાય કે તમારી ઊંચાઇ સેન્ટિમીટરમાં માપો અને એ પછી એમાંથી ૧૦૦ બાદ કરી નાખો. બસ જે જવાબ આવે એટલા કિલોગ્રામથી વધારે વજન ન હોવું જોઇએ.




એટલે કે ૧૭૦ સે.મી. ઊંચાઇવાળી વ્યક્તિનું વજન ૭૦ કિ.ગ્રા. થી વધુ ન હોવું જોઇએ.


શરીરની ચરબી કેવી રીતે માપી શકાય ?

ઘણા ખરા કિસ્સામાં તો વ્યક્તિને જોઇને જ આપણને અંદાજ આવી જાય કે આ વ્યક્તિનું વજન આદર્શ કરતા વધારે છે. પેટ અથવા નિતંબ પર ચરબીના થર જામેલા હોય; ડડક સાઇઝના કપડા પહેરવા પડે ; ચાલતી વખતે શરીરને આગળ ધકેલવાનું કષ્ટ પડતું જણાય વગેરે સામાન્ય અવલોકનથી અભણ માણસ પણ આ તારણ કાઢી શકે છે. નીચેની પધ્ધતિથી આપને વ્યક્તિની મેદસ્વિતાને સ્પષ્ટ રીતે માપી શકીએ છીએ.

(૧) કમરનો ઘેરાવો : કમરનો ઘેરાવો જેમ વધારે તેમ વ્યક્તિનું વજન વધારે. કહેવાયુ છે કે 'Larger the waist line, shorter the life line.

પેટની આસપાસ જમા થયેલી ચરબી સૌથી વધુ નુકશાનકારક ગણાય છે. સાદી મેઝરટેપની મદદથી માપેલ પેટનો ઘેરાવો પેટમાં રહેલ ચરબીનો આડકતરો અંદાજ આપે છે. પેટના ઘેરાવો માપવા માટે કમ્મરના હાડકાની તરત ઉપર મેઝર – ટેપને જમીનથી સમાંતર રાખીને આખી કમ્મરનો ઘેરાવો માપવામાં આવે છે. ટેપથી ચામડી દબાય નહી એની કાળજી રાખવી જરૂરી છે. પેટનો ઘેરાવો થાપાના ઘેરાવાના ૭૨ ટકા જેટલો હોય તો એને આદર્શ ગણવામાં આવે છે.

(૨) બોડીમાસ ઈન્ડેક્ષ (BMI): ચરબી માપવાની આ ખુબ સરળ રીત છે. તમારા કિ.ગ્રા.માં માપેલ વજનને તમારી મીટરમાં માપેલ ઊંચાઇના વર્ગથી ભાગવાથી જે આંક મળે એને બોડીમાસ ઈન્ડેક્ષ કહેવામાં આવે છે. જો ભારતીય






લોકોમાં બોડીમાસ ઈન્ડેક્ષ ૨૩ થી વધુ હોય તો એ 'વધુ વજન તરીકે ઓળખાય છે

વજન કિલોગ્રામ / (ઊંચાઇ મીટર × ૨) – ૮૦ કિલો/૧.૬૫ મીટર ×૨ ૨૯.૪ કિ/મી × ૨

(૩) કમર : નિતંબ (કુલા)ના ઘેરાવાનો રેશિયો : સામાન્ય સ્વાસ્થ્ય ધરાવતી મહિલાઓમાં આ રેશિયો ૦.૭ અને પુરૂષોમાં ૦.૯ થી ઓછો હોવો જોઈએ. સ્ત્રીઓ અને પુરૂષોમાં જયારે આ રેશિયો અનુક્રમે ૦.૮ તથા ૧ થી વધી જાય છે ત્યારે વ્યકિતનું વજન વધારે છે એવું કહી શકાય. આવી વ્યકિતઓને હૃદયની/બ્રેઇનની તથા ડાયાબીટીસ જેવી બીમારીઓ થવાની શકયતા વધારે રહે છે.

(૪) શરીરના ઘટકોનું પ્રથકકરણ : અત્યારે વ્યકિતના શરીરમાં રહેલી ચરબીના ટક શોધી આપતાં મશીનો ઉપલબ્ધ થયા છે.

| વજન કલાસ | BMI (કિગ્રા/મીટર ×૨) | કાર્ડિયોમેટાબોલિક રોગનું |
|---|---|---|
| જોખમ | | |
| સામાન્ય કરતા ઓછું | ૧૮.૫ ઓછું | |
| સામાન્ય (ભારતીયો માટે ૨૨.૯ સુધી સામાન્ય માનવામાં આવેછે) | ૧૮.૫–૨૪.૯ | સામાન્ય |
| સામાન્ય કરતાં વધારે | ૨૫–૨૯.૯ | થોડું વધારે |
| મેદસ્વિતા | ૧ ૩૦–૩૪.૯ વ | વધારે |
| | ૨ ૩૫–૩૯.૯ | બહુ વધારે |
| | ૩ ૪૦ | અતિ વધારે |

| | વધારે વજન | મેદસ્વિતા |
|---|---|---|
| પુઢષ | ૯૪–૧૦૨ સેમી | (આનાથી મોટાનું ચિન) ૧૦૨ સેમી (૪૦ ઈંચ) (નોંધ : ભારતીય માટે ૯૦ સેમી) |
| સ્ત્રી | ૮૦–૮૮ સેમી | (આનાથી મોટાનું ચિન) ૮૮ સેમી (૩૫ ઈંચ) (નોંધ: ભારતીય માટ ૮૦ સેમી) |

સ્પર્ધાત્મક રમતવીરો અને મેદસ્વિતા માટે સર્જરીની જરૂર પડે તેવા લોકો માટે આની મદદ લેવામાં આવે છે. આ માપકોની ક્ષમતા મર્યાદિત છે. વધુ વજનથી શું નુકશાન થાય ?

ઘણા લોકોને એ વાત સમજાતી જ નથી હોતી કે શરીરનું વજન જરૂર કરતાં વધુ હોય તો શરીરને નુકશાન થાય છે. ઘણીવાર કુટુંબીજન કે ફેમિલી ડોકટર વજન ઓછું કરવાની સલાહ આપે, તે પણ વજન વધવાની શરૂઆત હોય ત્યારે, મોટાભાગના લોકો ધ્યાન પર નથી લેતા. પરંતુ જયારે વધુ પડતા વજનના સીધા કે આડકતરા પરિણામ સ્વરૂપે કોઇ રોગનો ભોગ બને ત્યારે જ ઘણા લોકોને મેદવૃધ્ધિ એ એક રોગ છે એવું સમજાય છે. પશ્ચિમના દેશોમાં થયેલ અનેક અભ્યાસો પરથી તારણ નિકળ્યું છે કે જો આદર્શ વજન કરતાં ૨૦ ટકાથી વધુ વજન કોઇ વ્યકિતનું હોય તો એની જીવન રેખા સરેરાશ વ્યકિતથી ટુંકી થવા લાગે છે અને જેમ વજન વધારે હોય એમ મુત્યુ જલ્દી આવે. મુત્યુ જ નહી, અનેક રોગો નોતરવા માટે પણ મેદવૃધ્ધિ જ કારણ ભુત હોય છે.

આયુર્વેદમાં ચરકસંહિતા સુત્રસ્થાન અધ્યાય–૨૧માં અષ્ટોનિન્દિતીયમાં સ્થોલ્યતાનું વર્ણન કર્યુ છે.

આ સંસારમાં શરીરને ઉદેશી આઠ પુરૂષો નિંદિત બતાવ્યા છે. જેમાં અતિશય લાંબો, અતિશય ટૂંકો, શરીર પર ખુબ રૂવાડાવાળો, બિલકુલ રૂવાડા વગરનો, અતિશય વધુ પડતા ધોળા રંગનો, અતિશય વધુપડતા કાળા રંગનો, અતિશય જાડો અને અતિશય પાતળો.

અતિશય સ્થુલ માણસમાં આઠ દોષો બતાવ્યા છે. તેનું આયુષ ઓછું હોય, તેમાં વેગનું રોકાણ એટલે શરીરની સ્ફુર્તિ ઘણી ઓછી હોય, મુશ્કેલી એ મૈથુન કરવાપણું એટલે મૈથુનશકિત પણ ઓછી હોય , દુર્બળતા હોય, દુર્ગંધીપણું હોય એટલે તેના શરીરમાંથી દુર્ગંધ નીકળ્યા કરે છે, પરસેવો ખુબ આવે, ભુખ બહુ લાગે અને તરશ પણ ખુબ લાગે.

મેદવૃધ્ધિને કારણે કેટલાક સામાન્ય વ્યકિત કરતા વધુ રોગો થાય છે તેની ચર્ચા અહિં કરી છે.

(૧)ડાયાબિટીસ : જાડા લોકોમાં ડાયાબિટીસનું પ્રમાણ અન્ય તંદુરસ્ત લોકોની સરખામણીએ ત્રણગણું વધારે હોય છે. મેદવૃધ્ધિને કારણે શરીરના ઘણા કોષો ઈનસ્યુલિન નામના અંતસ્ત્રાવ માટેની સંવેદનશીલતા ગુમાવી દે છે. પરિણામે જેટલા ઈનસ્યુલિનથી શરીરમાં ગ્લુકોઝનું પ્રમાણ નિયંત્રણમાં રહેતું હતું, એટલો ઈનસ્યુલિન હવે ઓછો પડવા લાગે છે. પરિણામે ગ્લુકોઝનું લોહીમાં પ્રમાણ વધી જાય છે અને ગ્લુકોઝ પેશાબ વાટે શરીર બહાર નીકળવા લાગે છે. દરેક જાડા માણસને ડાયાબિટીસ થાય એવું જરૂરી નથી. પરંતુ જે માણસમાં જનિન બંધારણને લીધે ડાયાબિટીસની શક્યતા ઊંચી હોય એ માણસમાં મેદવૃધ્ધિ પણ થાય તો ડાયાબિટીસ તરત જ દેખા દે છે. આમ, મેદવૃધ્ધિને કારણે છુપો ભવિષ્યમાં થનાર ડાયાબિટીસ વર્તમાનમાં જ દેખાવા લાગે છે.

(૨) હાઈબ્લડપ્રેશર : જે વ્યકિતનું વજન આદર્શ વજન કરતાં ૨૦ ટકાથી વધુ હોય એવી વ્યકિતને હાઈબ્લડપ્રેશર થવાની શકયતા સામાન્ય વજનવાળી વ્યકિત કરતાં દશગણી વધારે હોય છે

(૩) એથેરોસ્ક્લેરોસીસ અને હદયરોગ : મેદવૃધ્ધિના દર્દીઓમાં હદયરોગનું પ્રમાણ અન્ય લોકોની સરખામણીએ વધારે હોય છે. હદયને લોહી પહોચાડતી કોરોનરી આર્ટરીઝ અને અન્ય રકતવાહીનીઓમાં એથેરોસ્કલેરોસીસ (ધમનીઓ સાંકડી અને કઠણ થવાની પ્રક્રિયા)ને કારણે હદયરોગ થાય છે. જાડા લોકોમાં ડાયાબીટીસ, હાઈબ્લડપ્રેશર તથા લોહીમાં ચરબીના ઘટકોનું વધી ગયેલું પ્રમાણ એથેરોસ્કલેરોસીસને નોતરૂ આપે છે, જે છેવટે હદયરોગ પણ કરી શકે. (૪) ıસોસમાં તકલીફો : જાડા લોકોના શરીરમાં ઠેરઠેર ચરબી જમા થયેલી હોઈ ક્યારેક મોં અને ગળા આગળ ચરબીના ભરાવાને કારણે સનમાર્ગમાં અવરોધ પેદા થાય છે. ખાસ તો રાત્રે સુતા પછી જયારે ગળાના અંદરના સ્નાયુઓ ઢીલા પડે ત્યારે સનમાર્ગમાં અવરોધો થવાની શકયતા ઘણી વધી જાય છે. શરૂઆતમાં નસકોરાં બોલે અને અચાનક થોડાક સમય માટે ıસ અટકી જાય. આ સ્થિતી સ્લીપ એપ્નિયા તરીકે ઓળખાય છે. રાત દરમિયાન વારંવાર આવું થવાથી રાતની ઊંઘ બગડે છે અને એ દિવસ દરમ્યાન વધુ ઊંઘે છે. સ્લીપ એપ્નિયામાં ıસો.ıસના અવરોધની તકલીફ ઉપરાંત વધુ પડતી મેદવૃધ્ધિને કારણે ıસોસના પાછળ ખર્ચાતી શકિત એટલી બધી વધી જાય છે કે સ્નાયુઓ થાકી જાય છે અને બરાબર કામ આપી શકતા નથી. વળી કસરતનો અભાવ ફેફસાની રિઝર્વ કેપેસિટિમાં પણ ઘટાડો કરી નાખે છે. પરિણામે વધુ પડતી મેદવૃધ્ધિ ıસોસમાં સીધો વિક્ષેપ પાડી શકે છે અને દર્દીને લાંબા સમયસુધી શરીરમાં ઓકિસજનની અછત અને કાર્બન ડાયોકસાઇડના ભરાવાની સ્થિતિમાં ચલાવ્યા કરવું પડે છે.(૫) આર્થ્રાઇટીસ(વા) : જેમ વજન વધતું જાય તેમ એ વજનને ઊંચકવા માટે અને હેરફેર માટે વપરાતાં હાડકા અને સાંધાઓનું કામ પણ વધતું જાય છે, પરિણામે કમર અને પગના સાંધાઓમાં વધુ પડતા વજનથી ઘસારો પહોચે છે.

(૬) પીતાશયની પથરી : મેદવૃધ્ધિના દર્દીમાં કોલેસ્ટેરોલ (લોહીમાં ફરતા ચરબીના ઘટક)ની હેરફેર એટલા વ્યાપક પ્રમાણમાં થતી હોય છે કે કોલેસ્ટેરોલ ગંઠાઈ જવાને કારણે પિતાશયમાં પથરી થઈ જાય છે.

(૭) કેન્સર : ગર્ભાશય અને સ્તનના કેન્સરનું પ્રમાણ વધુ વજનના બહેનોમાં અન્ય સ્ત્રીઓની સરખામણીમાં બે થી ત્રણ ગણું વધારે જોવા મળે છે.

(૮) વેરીકોઝ વેઈન : ખુબ જ જાડા લોકોમાં રૂધિરાભિસરણ તંત્ર પર એટલું બધું ભારણ આવે છે કે પગમાંથી હદય તરફ લોહી લઈ જતી શિરાઓ ઘણીવાર ફુલી જાય છે.

(૯) હર્નિયા : પેટની દીવાલ પર ચરબીના થર જામી જવાથી દીવાલના સ્નાયુઓ નબળા પડવા લાગે છે અને પરિણામે સ્નાયુની આ નબળી જગ્યામાં કયારેક અંદર રહેલ આંતરડા અને અન્ય અવયવો સ્નાયુની બહાર નીકળી આવે છે, જે હર્નિયા તરીકે ઓળખાય છે. મેદવૃધ્ધિના દર્દીમાં આવા હર્નિયાનું ઓપરેશન કરવાનું પણ ખાસ્સું મુશ્કેલ હોય છે.

(૧૦) માનસિક પરિવર્તનો : મેદવૃધ્ધિના વ્યકિતમાં આત્મવિસનો અભાવ હોવાને કારાણે કારણ વગરની ચિંતા, ગુસ્સો અને હતાશાનો ભોગ અને હીનતાની લાગણી અનુભવે છે.

## * એ સરનામું શોધી લેશો *

આપણી આસપાસ દરેક વ્યકિત જુદા–જુદા સમયે અને જુદી–જુદી રીતે પોતાના સ્થળને સરનામા બદલતો રહે છે. પછી તે વ્યકિતગત વિકાસ માટે હોય, સુવિધા કે સવલત માટે હોય, આંખમાં આંજેલા સપના માટે હોય કે પછી સ્વાર્થની પૂર્તિ માટે પણ વ્યકિતના રહેઠાણના સરનામાની સાથે જ તેના સગપણના સરનામાં પણ બદલાતા રહે છે. આજે વ્યકિત સ્વકેન્દ્રી બન્યો છે ત્યારે 'મારે શું? અને મારૂ શું?'ની હાયહાયમાં તે પોતાને અનુરૂપ એડ્રેસ શોધતો રહે છે. ઘણી વખત પ્રગતિના પંથે આગળ વધવા, વિકસવા કે વિસ્તરવા વ્યકિત પોતાના ભીતરનું સરનામું પણ ભૂલી જતો હોય છે. સ્વાર્થ પાછળ આંધળી દોટ મૂકી અન્યને છેતરી કે અન્યનો ઉપયોગ કરી પોતાની ઈચ્છા મુજબનું સરનામું પ્રાપ્ત કરી લેતો હોય છે અને એ સરનામાને સલામત રાખવા તે સતત પ્રયત્ન કરે છે ઘણીવખત આવી વ્યકિ અન્ય વ્યકિની આવડત, પ્રતિભા કે કેશલ્યને નિખારવાના કે મંજિલે પહોંચાડવાના પ્રલોભનો આપી પોતાનુ કામ કઢાવી લે છે. પછી પોતે નિયત કરેલ સરનામે સ્થાપિત થવા, ખોટી ખુશામત કે લોકોની વાહવાહી મેળવવા તે વ્યકિત સત્યનું સરનામું ચૂકી જતો હોય છે.




પણ જેમ સૂરજની આસપાસ વાદળો આવી જવાથી, એ વાદળોના આવરણથી સૂરજનું અસ્તિત્વ ખતમ થતુંનથી. એમજ સત્યની આસપાસ જૂઠના ગમે એટલા આવરણો આવે એનાથી સત્યનું અસ્તિત્વ જોખમાતું નથી. કારણ કે જૂઠના પક્ષે બીજું બધું જ હોવા છતાં તેના પક્ષે સત્ય હોતું નથી અને સત્યનો પક્ષ એકલો હોવા છતાં અડીખમ અને મક્કમ હોય છે. એટલે સત્ય પરેશાન થઈ શકે પરાજિત નહી. પરંતુ સત્યનુંસરનામુંચુકેલી આવી ઘણી વ્યકિતઓ ખરેખર તો ભીતરના સરનામેથી ભૂલી પડીને ભટકતી હોય છે અને એટલે જ દ્રષ્ટિ હોવા છતાં તેને સત્યનો માર્ગ દેખાતો કે સમજાતો નથી. આવી વ્યકિતઓ પોતાની અલ્પદ્રષ્ટિથી પોતાનો ટૂંકો સ્વાર્થ સાધવાને પોતાની નક્કી કરેલી મંજિલે પહોંચવા અને એ સરનામે સેટ થવા કોઈપણ પ્રકારના કાવતરા, કાવાદાવા, ષડયંત્ર, પ્રપંચ કે કપટ કરી એ સરનામે પહોંચી જતા હોય છે. ખરેખર તો આવા લોકોને માનસિક બિમાર ગણી કરૂણા રાખવી. કેમકે જેને આજે આપણે જવાબ નથી આપ્યો એ જવાબ એને એનું કર્મ આપશે.આમ યોગ્ય કર્મને બદલે કપટ કરી ઉભા કરેલા સરનામા લાંબો સમય સ્થિર નથી રહેતાં. કારણકે સાચ ને આંચ નથી આવતી. પણ જૂઠ તો હંમેશા કોઈ ડર કે અસલામતીમાં જીવે છે અને જૂઠને સત્ય સાબિત કરવા એ સરનામા બદલાતા રહે છે. પરંતુ એક વાત તો નિશ્ચિત છે. કોઈપણ વ્યકિત પોતાના ગમે એટલા સરનામાં બદલે, વિના કોઈપણ ખૂણે પહોંચી જાય, કદાચ આ જગતની એક પણ વ્યકિત એને શોધી ન શકે એવું બને ! પણ ઈરના વચન પ્રમાણે અને કર્મોના સિદ્ધાંત પ્રમાણે કર્મ કયારેય સરનામું ચૂકતું નથી. જીવનના કોઈપણ તબક્કે જગતના કોઈ પણ ખૂણે તમે ક્યાંય પણ હો તમારૂ કર્મ તમને શોધતું તમારા સુધી પહોંચી જ જાય છે. તો એ કર્મના સિદ્ધાંતોમાં વિાસ રાખી આપણુંકર્મસરનામુંશોધતુંઆપણા સુધી પહોંચે ત્યારે હૃદયમાં ડર, ચિંતા કે દુઃખ નહીં પરંતુ આનંદ અને સંતોષ હોય એવું કર્મ કરીએ. સત્યનું સરનામું ચૂકાય નહીં અને ભીતરનું સરનામું ભૂલી ભટકી ન જવાય એની કાળજી રાખીએ.

"આ રામનવમી નવા નિર્ધાર સાથે મનાવીએ,
રામના રસ્તે ચાલી જીવનને રામરાજય બનાવીએ."

# ગુરૂ ગ્રહ બસહિં રામ તજિ ગેહુ, નૃપસન અસવર હુસર લેહુ ।

## અહૈતુક કૃપા


પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરુદેવ)

સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૬૭ ૫૦૩૫૮ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય: પ.પૂ.કુ.રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



૭ બિહસિ કૃપાનિધિ બોલે બચના,

એકવાર ચાંદીવલી આશ્રમમાં ભગવાન બિરાજતા હતા. કોઈ ભાવિક ભકત હરકિસનદાસ હોસ્પિટલમાં બિમાર હતા. તેમને જેવા ભકિતને આગ્રહને વશ થઈ ભગવાન ત્યાં જઈ આવ્યા. તે સમયે ભગવાન શહેરોમાં જવાનું પસંદ કરતા નહીં. મોટે ભાગે કોઈ ગામમાં અથવા શહેરથી થોડે દૂર કુવો અને દીવો હોય તેવું નિર્જન એકાંત સ્થળ પસંદ કરતાં. તે દિવસે દુ:ખ વ્યકત કરતાં બોલ્યા, ''આજ તે મેં નરકાગાર મેં હોકર આયા. બમ્બઈ તો નરક હૈ.'' આ સાંભળતા બાપુજીએ કહ્યું, ''ભગવાન તો પછી મને વરસડાથી આ નરકમાં શા માટે મોકલ્યો ?'' જવાબ મળે, ''ધીરજ રખો. થોંડે સમયમેં યહાં સે નિકલ જાઓગે.'' થોંડા સમયમાં જયપુર બદલી થતાં ભગવાનને જણાવતાં ખુશી વ્યકત કરતાં બેલ્યા, ''અચ્છા બહુત પવિત્ર સ્થાનમેં જા રહે હો. દેખો-વહાં પર ગલતાજી સ્થાન હૈ વહાં અવશ્ય જાના. મેરે ભગવાન શ્રી પતિતપાવનજીકી ગુફા વહાં હૈ જયપુરમેં લોગ પયાહારી બાબાજીકે નામસે પહચાનતે હૈ કયોંકિ શ્રી પતિત પાવનજી ભગવાન સિર્ફ દૂધ હી પાતે થે.''

જે શ્રી મુખથી ''બમ્બઈ તો નરક હે.'' ત્યાં પણ પોતે બિરાજે પિતાના ભકતો માટે વિચરણ પણ કરે અને જયપુર માટે ''બહુત પવિત્ર ભૂમિમેં જા રહે હો.'' ત્યાં પણ એ જ પ્રભુનો નિવાસ છે.

''હરિ વ્યાપક સર્વત્ર સમાના....''

ભગવાન પોતે પણ જયપુર ગલતાજી વારંવાર પધારતા અને એમ પણ કહેતા. ''રોજ સુબહ તીન બજે મૈં કહીં ભી હોઉં પર ગલતાજી અવશ્ય જાત હું ઔર સાલમેં એકબાર કશ્મીર જાતા હું કારણ જયપુરસે ફિર શ્રી પ્રતિતપાવનજી ભગવાન કશ્મીર કુલુકી ગુફામેં બિરાજ માન હુએ હે.''

સ્વર્ગ નરક અપવર્ગ સમાના, જહં તહં દીખ ધરે ધનુ બાના.
જે ગુરૂચરણરેણુશિર ધરહીં, તે જનુ સકલ બિભવ વરા કરહીં।

નહીં. એક દિવસના પ્રવચનમાં પૂ. બાપુએ લોકોને સાંબોધીને કહ્યું, ''દેખો, ગાંવકા કોઈ ભી કાર્ય હો ઉસકે પ્રતિ સબકા કર્તવ્ય હૈ. સબકે યથાશકિત સહયોગ દેના ચાહિયે જૈસે ગાંવ મેં શાલા, અસ્પતાલ ત્યાં પશુઓકે પાની પીને કે લિયે હવાડા બનાના હો તો સબકે મિલકર કરના ચાહિયે.'' આ શબ્દોમાં શું શકિત હતી કે તુરત જ અમલ થયો. પૂરતી ધનરાશિ એકત્રિત થઈ. આજે પણ અવેડો સૌને માટે પ્રતિકરૂપ છે.

નાના ગામડાઓમાં કોઈપણ ભગવત્ કાર્ય વખતે પ્રસાદીમાં ગોળ વહેંચવાની પ્રથા હતી. પૂ. બાપુના દર્શનાર્થે આજુબાજુના ગામડા-એમાંથી આવતા ભાવિકજને ગોળ લઈ આવતા. તે સૌને પ્રસાદીમાં આપવામાં આવતો. આ કાર્યના વ્યવસ્થાપકભાઈ એકદિવસ આવી મને કહે, ''દાસભાઈ પ્રસાદીનો ગોળ ખલાસ થઈ ગયો છે.'' ત્યારે પહેલાં ગામના એક ભાવિક ભકતે પ્રસાદી માટે બે ભીલી ગોળ આપવાની ઈચ્છા દર્શાવતાં કહેલું, ''તમે યાદ કરી મંગાવી લેજો.'' મેં કહેલું, ''હમણાં ઘણો છે. જરૂર પડતા મંગાવીશ.'' આ સમયે તે ભાઈના ઘેર ગોળ લેવા જવા માટે નીકળતો હતો. તેટલામાં પૂ. બાપુએ બુમ પાડી, ''એ દાસભાઈ ઈધર આવ કહાં જાતે હો ?'' વિગત જણાવતાં પૂ. બાપુએ કહ્યું, '' નહીં, કભી માંગને નહીં જાના.'' બાપુ, સામેથી માંગવા નથી જતો તેમણે મને લઈ જવા કહ્યું છે. તે કહે ''ફિર ભી નહીં માંગના. જિસને કહા હૈ વહ અપને આપ આ જાયેગા.'' વાત પૂરી થાય ત્યાં પેલા ભાઈ બે ભીલી ગોળ લઈને બોલતાં બોલતાં આવ્યા, ''દાસભાઈ પૂ. બાપુ જતા રહેશે અને મારે ગોળ રહી જશે. તરત જ પૂ. બાપુ બોલ્યા, ''લો દેખો આ ગયે ના તુમ્હારે ગુડવાલે ભાઈ ?'' આ ઉપરાંત પૂ. બાપુએ કૃપા કરી વિશેષમાં આદેશ- આપ્યો, ''દેખો દાસભાઈ અબ થોડે સમયમેં દેશ સ્વતંત્ર હો જાયેગા. તો તુમ રાજનીતિ કી ખટપટમેં પડના નહીં. અબ યે સબ છોડો ઔર છોટે બાલકોંકી દેખભાલ કે લિયે બમ્બઈ જાકર નીકરી કરો. તુમને જો સચ્ચે મનસે સેવા કી હૈ ઉસકા ફલ અવશ્ય મિલેગા. આગે ચલકર કોંગ્રેસકા સિર્ફ નામ રહ જાએગા સિદ્ધાંત નહીં.'' એકવાર મારા મનની વ્યથા જણાવતાં પૂ. બાપુને મેં કહ્યું, ''મને એક વાતને અસંતોષ છે. હું મારા કાકાને કેવી રીતે સતિષ આપી શકું ? આર્થિક ઋણ પણ ચુકવી નહીં શકું.'' આ વાત થતા પૂ. બાપુએ ગુરૂઆગમન સુનત રઘુનાથા, દ્વાર આયે પદ નાયઉ માતા જણાવ્યું, ''તુમ ઉનકો એકબાર મેરે પાસ લેઆના.'' મેં કહ્યું, '' 'તેઓ નહીં આવે ઉલ્ટા બે શબ્દ તમારે માટે જેમ તેમ કહેશે.'' પૂ. બાપુએ કહ્યું, ''કોઈ બાત નહીં તુમ એકબાર કહે તો દો.'' તે દિવસે ઘેર જઈ ડરતાં ડરતાં કાકાને મેં વાત કરી પ્રત્યુત્તર જાણતો જ હતો. ''હું કાંઈ નવરો છું. તારે કાંઈ કામ ધંધો નથી. જા બેસ સાધુડાઓની વચ્ચે'' હું ત્યાંથી જતો રહ્યો. પરંતુ આશ્ચર્ય ! તે જ રાત્રે પ્રવચનમાં આવી કાકા છેલ્લે બેસી ગયા. પૂ. બાપુને કાકાને પરિચય કોઈએ કરાવ્યો નહોતો પૂ. બાપુએ કહ્યું, ''કાકા, ઈધર આવ યહાં બેઠો.'' પ્રવચન પૂરૂ થતાં કાકાએ પૂ. બાપુના ચરણોમાં પ્રણામ કર્યા ત્યારે પૂ. બાપુએ કહ્યું, કાકા અબ રામ રામ કરના આ શબ્દોની કૃપાથી જીવનની છેલ્લી ઘડી સુધી તેમના મુખમાં રામનામ ચાલુ જ રહ્યું. આમ પૂ. બાપુએ મારી મનોવ્યથા દૂર કરી પૂર્ણ સંતોષ આપી કાકાનું કલ્યાણ કર્યું. ત્યાર બાદ રામનામના સહારે પૂ. બાપુના આદેશ પ્રમાણે બે વર્ષ વીરનગર નોકરી કરી. ૧૯૪૭ માં મુંબઈ આવ્યા. મુંબઈમાં કાર્યની વ્યસ્તતા, મુશ્કેલીઓ અને સમયનો અભાવ હોવા છતાં પ્રભુકૃપાથી રામચરિત માનસજીનો માસ પારાયણ પાઠ તથા રામનામની બસો માળા અને મંત્ર જાપની માળાં પૂર્ણ કરવા પ્રયત્ન કરતો. મુંબઈમાં જયારે પૂ. ગુરૂદેવ ચાંદીવલી પધારતા ત્યારે દર્શન માટે જતો. આ રીતે બાપુજીને ભગવાનના દર્શન, સેવા સાન્નિધ્યનો લાભ મળતે રહ્યો. આ બધી વાતો બાપુજી પાસેથી વાર્તા રૂપે સાંભળતી અને નિત્ય નવા ઉત્સાહ મારા મનમાં વધતો રહ્યો. બાપુજી કેટલીક કરૂણ અને જીવલેણ ઘટનાઓમાંથી પ્રભુકૃપાથી પસાર થતાં રહ્યા. એ બધું સાંભળી હું ધ્રુજી ઉઠતી કે આવા પ્રસંગો મારા જીવનમાં પણ બંને તેં મારે પણુ ભગવાન આવી રીતે રક્ષા કરે તે માટે બાપુજીના કહેવાથી ધીરે ધીરે બસો માળા સુધી પહોંચવા યથાશકિત પ્રયત્ન કર્યા કરતી. કયારેક બાપુજી બહારગામ જતા ત્યાંથી પત્રમાં પ્રથમ વાકય લખતાં, ''શ્રી રામ રામ જપના, જે ચાહો હિત અપના.'' તે વખતે રામનામની મહિમાથી અજાણ છતાં રામનામ લખતી રહેતી. ૧૯૫૪થી ૫૬ ભગવાન બે વર્ષ કાષ્ટ મૌનમાં જામનગરમાં બિરાજયા હતા. ૫૬ની સાલમાં કાષ્ટ મૌન પૂરૂ થતાં તે મહેત્સવમાં ભગવાનના દર્શન માટે બાપુજી ગયેલા અને ધીરૂભાઈ રાજકોટથી પદયાત્રામાં

ગુરૂ શિખ દેઈ રાજયહં ગયઉ, રામ હદય અસ બિસ્મય ભયઉ। ગયેલા. તે વખતે સંજોગવશાત્ અને ના સમજ હોવાથી આ લાભ મળેલ નહીં.

૧૯૫૬માં ૧૪ વર્ષની ઉંમરે બસો માળા કરતી થઈ. પરંતુ ભાવ વિના એકવાર પ્રસંગોપાત્ વરસડા જવાનું થયું. ભગવાન પણ પધારવાના હતા. નિયત સમય કરતાં ભગવાન મોડી રાત્રિએ પધાર્યા. પાછા વહેલી સવારે પધારી જવાના હતા. સવારે દર્શન માટે મોડી પડતા બાપુજીની વિનંતીથી ભગવાન ગાડીમાં બેસીને મારી રાહ જોતાં હતા. તે વખતે શ્રી ચરણોમાં પ્રણામ કરતા જે મધુર સ્મિત હતું તેનાથી હૃદયમાં જે દિવ્ય ભાવો ઉત્પન્ન થયા તેનું વર્ણન અશકય છે.

''ગિરા અનયન નયન બિનુ બાની'' પાંચ વર્ષની વયે સંક્રાતિના દિવસે નાની બાલિકાઓ સાથે ''રામ'' બોલીને ખાવા પીવાનો નિયમ લીધેલો ત્યારે ખબર નહોતી કે જીવન પર્યંત રોમેરોમમાં આ જ રામને પ્રગટાવવાના છે. ૧૯૫૬માં વરસડાથી મુંબઈ આવ્યા બાદ બાપુજીની થોડા સમયમાં નોકરી અંગે જયપુર બદલી થઈ. તે વખતે બામાટે ''શ્રીરામ'' લખેલી સોનાની વીંટી કરાવેલી. રામનામ પ્રત્યેના આકર્ષણથી અને ઘરેણાંના શોખથી એ વીંટી હું પહેરતી. ત્યારે ભવિષ્યની કયા ખબર હતી કે હરિનામની ચૂડી પહેરી, રાઘવની અંગૂઠી રે.

''આત્માનુસંધાનમે ચિત્તશુદ્ધિકી પરમ આવશયકતા હૈ, ચિત્તશુદ્ધિ શુભકર્મો દ્વારા હોતી હૈ, શુભકર્મ ઈર કૃપાસે હોતે હૈ, ઈર કૃપા હરિસ્મરણસે, હોતી હૈ, હરિસ્મરણ ગુરૂ કુપાસે હોતા હૈ.'' ભગવાનના આ શબ્દો બાપુજીના જીવનમાં યથાર્થ રીતે વણાઈ ગયા હતા. ખરૂ છે કે જીવના પુરૂષાર્થની એક સીમા હોય છે. અંતે તો સંત કે ભગવાન કૃપા કરી જીવને અપનાવે છે ત્યારે જ જીવ ભગવત્શરણ પામી શકે છે. ભગવાનના શબ્દોમાં : '' કૃપા સાધ્ય રઘુનાથ હૈ, સાધન એક નિમિત્ત.''

# જીવનનું મેઘધનુષ્ય - સઘળે પ્રભુની પ્રીતનાં સ્પંદન

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

જીવતા આવડે તો જાહોજલાલ છે જિંદગી,

જીવતા ન આવડે તો પાયમાલ છે જિંદગી.જિંદગી કેમ જીવવી ? તેનું રિમોટ કંટ્રોલ આપણા હાથમાં છે. કઈ રીતે ? શ્રેષ્ઠ પુસ્તકો, સંતોના પ્રવચનો, ઉપદેશ કેમ નિષ્કાળ જાય છે ? ચારેબાજુ પુણ્યની ગંગા વહે છે. જેને સ્નાન કરવું છે તે કરી છે !

ચારેબાજુ કાળનો રાક્ષસ મોં ફાડીને બેઠો છે. આ પરિસ્થિતિમાં શું કરવું ? જેઓ વિકટ સંજોગોનાં શિકાર બન્યા છે. તેમને જ્ઞાનનું પ્રવચન ઉપયોગી થશે ? સમગ્ર જગત દુશ્મન લાગતું હોય ત્યારે માણસ મૃત્યુને ભેટવા દોડે છે.

જેઓ બિમાર છે તેને ડોકટરની જરૂર છે. આપઘાતનાં માર્ગે જતા લોકોને મનોચિકિત્સકોની જરૂર છે. જીવનએ પ્રભુની અણમોલ બક્ષિસ છે. જીવન તરફ પોઝીટીવ દષ્ટિ બદલવા જીવન માટે ઉપચારની જરૂર છે. જેમ હવા, પાણી, ખોરાક શુધ્ધ હોય તો નેવું ટકા માણસો બીમાર પડતા નથી. તેમ પરિસ્થિતિ સંજોગો આસપાસનું વાતાવરણ મીઠાશ ભર્યુ પ્રેમાળ હોય તો વ્યકિત દુ:ખમાંથી કંઈક અંશે રાહત અનુભવે છે. આપણા મનની શાંતિ કોઈ હણી ન શકે તેવું કરવા તમે તમારા મન માટે પ્રયોગ કરો. દુ:ખની ઘટના ભૂલવા પ્રયત્ન કરો. યોગ અને ધ્યાન, પ્રાર્થના પ્રવચનોથી સારી પરિસ્થિતિનું નિર્માણ થઈ શકશે. મનમાં સારા વિચારોને સ્થાન આપવા શાંતિથી એક જગ્યાએ બેસી કાગળ અને પેન લઈ બેસો. ખરાબ સંજોગો સાથે શું કરી શકાય. કેટલું ખરાબ થશે. ? એ લખો મનને કહો આ દુ:ખ પરિસ્થિતિ ટાળવા શું કરી શકાય તે પણ કાગળમાં લખો. કોઈ લાકડી મારે તો જરૂર અફવા ફેલાવે. તમને દોષી જાહેર કરી નિંદા કરે તો ? આપણે સામાન્ય માણસો છીએ. સંતોને પૂછો. કેટલા અપમાન કેટલી ટીકા થઈ છે ? ભગવાન બુધ્ધ એક ગામમાંથી પસાર થતા હતા. ત્યારે કેટલાક લોકોએ બુધ્ધને ગાળો આપી દીધી. ખરાબ વચનો કહ્યા. શિષ્યો ખુબ ઉશ્કેરાઈ ગયા ભગવાન બુધ્ધે શિષ્યોને કહ્યું તમે સૌ શાંતિથી મારી વાત સાંભળ ો તમને કોઈ માણસો તમને મીઠાશ આપે. અન્ય ન ભાવતી વસ્તુઓ પીરસે તો તમે શું કરો છો ? શિષ્યે કહ્યું આપણે ન લઈએ તો તે વસ્તુ આપનારની પાસે જ રહે છે. ભગવાન બુધ્ધે કહ્યું શબ્દોની વાત કહુ તો આપણે તેમની ગાળો લીધી નથી. ટીકાઓ લીધી નથી. આપણે કાન ઉપરથી ખંખેરી નાખી ચાલવા લાગો. ટીકા ગાળો આ ગામામાં મુકી બીજે જઈએ. કોમ્પ્યુટરમાં પોગ્રામ જેમ ડીલીટઠ થઈ શકે છે. તેમ તમારા મનની ઘટનાને ડીલીટ કરતા આપણે શીખી લેવું જોઈએ. આ માટે મનચક્ષુ આગળ ઘટનાને લાવી કહો ડીલીટ ત્રણ વખત બોલો. બીમાર પડીએ તો કાળજી રાખીએ છીએ. તેમ તેવા લોકોને ન મળવું ન સાંભળવું. મન પોઝીટીવ વિચારો કરવા.મેં તો લાગણીને ફૂલોથી ગુંથી કરી છે માળા

પણ પારોનાં કાંટા સૌએ પારાવાર ગુંથી છે.

ડગલેને પગલે લાગણીને ઠેસ વાગે તેવા પ્રસંગો બનતા રહે છે. આવા વખતે રામાયણ, મહાભારતનાં પ્રસંગો વાંચી મનને ઉપદેશ આપવો. હું બધાને ક્ષમા આપું છું. પ્રભુ મારા અપરાધોને ક્ષમા કરજો. મારે કોઈ સાથે વેર નથી. દ્વેષ નથી. હું કોઈનુ કશું જ ખરાબ કરવા માગતો નથી. આવું મનમાં સંકલ્પ કરવાથી તમારા મનમાં પવિત્ર વિચારો આવતા મન હળવું થશે. ક્ષમા માંગો ક્ષમા આપો. ત્રણ દિવસ અડધી કલાક પથારીમાં પ્રાર્થના કરી આવું બોલવાથી તમારા મનનાં સંતોષો દુર થશે. મનનાં તરંગો સારી બાબતોને સ્વીકારવા તૈયાર થશે. એજ્ઞલે સરસ થવા લાગશે. હોસ્પિટલમાં એક દર્દીની પથારી પાસે એક મોટા અક્ષરવાળો કાગળ દર્દી વાંચી શકે તેમ લગાવ્યો હતો. મનોવૈજ્ઞાનિક ડોટકરે કહ્યું કે મારૂ પ્રિસ્-પિસેપ્રેશન છે. હતાશા, નિરાશા, એકલતા દૂર કરવા, રોગ મૂકત થવા લખ્યું હતું. This too will pass મતલબ કે આ સ્થિતિ પણ દૂર થશે બધું સારૂ થવા તરફ થઈ રહ્યું છે. આ રીતે કવિતા હતી.

"Every moment in every way,
My pain is getting less and less.
I am getting better and better
I should not worry any better."

દુનિયામાં એવો કોઈ પ્રશ્ન નથી જેનો ઉકેલ ન આવે. ધીરજ રખો. સમયની રાહ જુઓ. કહ્યું છે. ધીરજ સમ નહિ ધન, વાઢે વિપદનાં વન, સમય એક ઔષધિ છે. આંતરમન સાથે ગોષ્ઠિ કરો. એકાંતના સ્થળે તમારા પ્રશ્નનો ઉકેલ તમારા મનમાંથી જ આવશે. અને અંતરાત્માનો અવાજ સાંભળતા શીખશો. અદમ્ય ઉત્સાહથી ઊભા થઈ ચાલો. સદ્ભાવનાની સુંગધનું તાળું ખોલી જાખો અને જીવનબાગને મહેંકાવો. આ માટે સંકલ્પ કરવો પડશે. કિસી કા દુ:ખ લે સકો તો લે ઉધાર. (સંપૂર્ણ)

# ખેડુતોની જાગૃતતાથી પ્રાકૃતિક કૃષિમાં ભવિષ્યમાં નોંધનીય હકારાત્મક ફાયદાઓ જોવા મળશે, રસાયણયુકત ખેતી થતાં જમીનની ક્ષમતામાં વધારો થશે

રાજયને આગામી ૫ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી યુકત બનાવવા માટે રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ માર્ગદર્શન હેઠળ રાજયભરમાં પ્રાકૃતિક કૃષિ અન્વયે મિશન મોડમાં પ્રયોગ શરૂ છે, રાજયમાં પ્રાકૃતિક કૃષિ અપનાવતા ખેડુતોની સંખ્યામાં પણ ઉતરોતર વધારો થઈ રહ્યો છે.

રાજય સરકાર દ્વારા ખેડુતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ અને તેની વિવિધ પદ્ધતિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ વિશેનું વ્યાપક માર્ગદર્શન રાજયપાલ આચાર્ય દેવવ્રતજી લિખિત પુસ્તક પ્રાકૃતિક કૃષિમાં પણ આપવામાં આવ્યું છે. પ્રાકૃતિક કૃષિમાં બાયો-ઈનપુટસનું મહત્વ શું છે બાયો-ઈનપુટસ થકી ખેતીની જમીનને મજબૂત બનાવવામાં મદદ મળે છે. બાયો-ઈનપુટસ એ ફાયદાકારક સજીવો અથવા છોડમાંથી મેળવેલા કુદરતી અર્કમાંથી બનાવેલ ઉત્પાદનો છે. બેકટેરિયા, ફૂગ, વાયરસ અને જંતુઓ જેનો ઉપયોગ જીવાતોને નિયંત્રિત કરવા અથવા છોડના વિકાસને પ્રોત્સાહન આપવા માટે કૃષિ ઉત્પાદનમાં થઈ શકે છે તે એવા ઉત્પાદનો છે જે પર્યાવરણમાં ઝેરી અવશેષો છોડતા નથી. સાથે તેના ઉપયોગથી ખેડુતો અને ગ્રાહકોના સ્વાસ્થ્ય માટે કોઈ ખતરો નથી.

ભારત કુદરતી રીતે ઉપલબ્ધ વિવિધ કાર્બનિક પોષક તત્વોથી સમૃદ્ર પ્રદેશ છે. પ્રાકૃતિક ખેતીમાં ઘણી મદદ કરે છે. કૃષિમાં ઉત્પાદન વધારવા માટે બાયોપેસ્ટીસાઈડસ અને બાયોફર્ટિલાઈઝર્સની ઉપયોગિતા ઘણા વર્ષોથી જાણીતી છે. જમીનમાં સુક્ષ્મજીવાણુ દ્વારા નાઈટ્રોજન ફિકસેશન કરવાથી અને ખેતરના અવશેષોનો ઉપયોગ કરીને ખેતરમાં નાઈટ્રોજનને રિસાયકલિંગ કરવાથી જમીનને ગુણવતામાં સુધારો થાય છે. આ પ્રકૃતિક ખેતીની ઓછા બાહ્ય ખર્ચની મુખ્ય પદ્ધતિ છે.

બાયો-ઈનપુટસનું મહત્વ: બાયો-ઈનપુટસ જમીનમાં પદાર્થોમાં વધારો કરે છે. બાયો-ઈનપુટસના બે પ્રકાર છે : ૧) પાકને પોષક તત્વો પૂરા પાડવા માટેના બાયો-ઈનપુટસ અને ૨) રોગ, જીવાત નિયંત્રણ માટેના બાયો-ઈનપુટસ બાયો-ઈનપુટસના અનેક ફાયદાઓ છે : (૧) જમીનની રચનામાં સુધારો થાય છે. (૨) જૈવિક પ્રવૃતિઓમાં વધારો નોંધાય છે, (૩) પાણીની સંગ્રહ શકિતમાં વધારો થાય છે. (૪) જમીનના ખેડાણની પ્રકિયામાં ઘટાડો થાય છે.(૫) પાકના આરોગ્યમાં ધરખમ સુધારો થાય છે. (૬) પાકને જીવાતો અને રોગોથી બચાવવામાં પણ અગત્યની ભૂમિકા ભજવે છે, (૭)ખેતીની જમીનની ગુણવતા જાળ વવા માટે કૃષિ બાયો-ઈનપુટસ મહત્વપ્રર્ણ ભાગ છે. રાજયના ખેડુતોમાં આ અંગે જાગૃતિ આવે અને તેઓ પ્રાકૃતિક કૃષિ માટે આગળ આવે તો કૃષિક્ષેત્રે અનેક સકારાત્મ પરિવર્તન લાવી શકાય છે. રસાયણમુકત ખેતી થતાં જમીનની ક્ષમતામાં પણ વધારો થશે.

# ''સાંજની ઘટના વિશે કહેવાનું શું ? થાક સૂરજને હતો, ડૂબી ગયો....''

- ગુલામ અલ્લાસ 'નાશાદ'

## 'સમજણ એ જ નારાયણ



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ - અમરેલી

આ યંત્ર યુગમાં મોડર્ન અને ફાસ્ટયુગમાં, એકસાથે ઘણું પામી લેવાની દોડમાં માણસ ઘણું - ઘણું ચુકવા માંડયો છે. પ્રકૃતિએ - કુદરતે આપણને ખૂબ આપ્યું છે. ખોબલે-ખોબલે ભરીને આપ્યું છે. પણ આપણે જ તેને માણવા અને પામવાની સંવેદનાઓ ગુમાવી બેઠાં છીએ. ખાલી હાથે, આવીને ખાલી જ હાથે જવાની નકકી વાત હોવા છતાં સાથે કાંઈ પણ લઈ જવાની કોઈ સીસ્ટમ કે પ્રથા જ ન હોવા છતાં આપણે કેટલું મથી લઈએ છીએ ! હવે આથી મોટું તો બીજું આશ્ચર્ય કયું હોઈ શકે?

સૂર્યોદય પહેલાં અને પછીની સવારને તેની આહલાદક શીતળતાને માણો તો ખરા ! હવે તો ડેટાબેઈઝ જીવન જીવવા ટેવાયેલો માણસ, મોબાઈલમાં ખોવાયેલો માણસ, આધુનિકપણાનો ભ્રામક અંચળો ઓઢીને ફરતો માણસ, મોડર્ન દેખાવાને જ સ્ટેટસ માનીને ભટકતો માણય કયાં વહેલો ઊઠીને સૂર્યનારાયણનાં સ્વાગત માટે સામે ચાલે છે ? આ સંખ્યા ઘટી રહી છે. (જે ચાલે છે, તેને પણ અનેક-અનેક શારીરિક તકલીફો છે, અથવા તકલીફો ન આવે એનો ભય તો છે જ...!) બાકી માત્ર ઉમંગથી નીકળવાવાળાં કેટલાં?


સાંજની શોભા વર્ણવવા શબ્દો કે સંવેદનો પણ ઓછાં પડે એવો વૈભવ લઈને સાંજ પસાર થતી હોય છે! પણ તેની નોંધ શુધ્ધાં લેવાવાળા કેટલા ? ગામડે, ખેતરમાં, પર્વતોના ઢાળ ઉપર, નદીઓના પ્રવાહ અને વણાંકો ઉપર જંગલની ગહેરાઈમાં પથરાતી સાંજોના વૈભવ તમને કયારેય સ્પર્શ્યા છે ? આ સઘળી સાંજો, અસ્તાચળ તરફ પર્યાણ કરતા સૂરજદાદાની મંદ પડતી રથની ગતિ, સોનેરી વરખ પહેરતી પ્રકૃતિને જોવાનો આપણને સમય છે ? ગામડામાં ગોધુલી વેળાએ પાછાં ફરતા ઘણો, તેની સાથે ઊડતી પાવનકારી રજને તમે કયારેય સ્પર્શ્યા છે ? પોતાના માળા તરફ પાછા ફરતા પક્ષીઓનાં ઝૂંડ સમૂહને જોવાનો લ્હાવો મળ છે? જો 'હા' માં જવાબ હશે તો, જીવન કાંઈ અઘરૂ નથી, અને જવાબ 'ના'માં હશે તો સઘળું રસહીન જ લાગશે. અર્થહીન જ લાગશે.

નવનીત:

''ગાયોનું વૃંદ જાય પછી સાંજે સીમમાં,
બાકી રહેલ તેજને ચરતું રહે તિમિર.''
-મનોજ ખંડેરિયા

# *** છાંયડો ***

## વિસામો



વૃંદા ચિંતન મહેતા
રાજુલા

'મનુ.. તું આજે નાહીને ચોખા કપડાં પેહરી લેજે..! ' ગૃહમાતા મમતાબેન આજે ફરી મનુને કપડાં બદલાવી લેવા કહ્યું હતું. મનુ જયારથી રેનબશેરામાં (અનાથ આશ્રમ) આવ્યો ત્યારથી તેણે એક મેલુંઘેલું શર્ટ અને ફાટેલી ચડ્ડી પહેરેલા હતા. ગૃહમાતા તેને રોજ કહેતા કે તું નાહીને સારા કપડાં પેહરી લે..! પરંતુ મનુ કંઈ બોલે નહી..! માત્ર સાંભળીને પોતાના કામે લાગી જાય. આજે પણ ગૃહમાતા મમતાબેનએ તેને ફરી કપડાં બદલવા કહ્યું હતું. પરંતુ જમવા બેસવાનો હેલો પડયો, એટલે બધા છોકરાવો જમવા બેસવા આવવા લાગ્યા. મનુ પણ તે છોકરાઓ સાથે આવ્યો, અને જમવા બેસ્યો. ફરી તેની જમવાની થાળીમાં તેના ફાટી ગયેલા શર્ટની બાયનો લીરો પડયો. ગૃહમાતાએ પ્રેમથી તેના માથે હાથ ફેરવતા, તેને કહ્યું..'મનુ.. મેં તને કહ્યાંતું, ને તો તે કપડાં કેમનાં બદલાવ્યાં.? ફરી મનુ નકમસ્તક શૂન્યમય આંખએ કંઈક વિચરતો જમવા લાગ્યો.

ગૃહમાતા મમતાબેન મનુને પોતાની પાસે બોલાવીને, પ્રેમથી તેના માથે હાથ ફેરવતા પૂછયું 'બેટા મનુ.. શું વાત છે ? તું કેમ કપડા નથી બદલાવ તો ? અચાનક જ તે મેનભરી આંખમાંથી વેદનાનાં આંસુ સરી પડયા. મનુ મમતાબેનના ખોળામાં માથું મૂકીને હૈયાફાટ રડવા લાગ્યો. આજે પેહેલીવાર કોઈએ તેની સાથે મમતા અને વાત્સલ્યથી વાત કરી. મનુએ રડતા રડતા પોતાની વ્યથા માઁ સમાન ગૃહમાતાને કહેવા લાગ્યો. મનુનાં ચિત્ત સમક્ષ પહેલું દ્રશ્ય એક તણખાની માફક તરી આવ્યું..

'ભિખારીની ઓલાદ...! ભાન નથી પડતી...! તારા હાથ ભાંગી ગયા છે...! હરામખોર..... ભાગ અહીંથી.., મારી લારીની આસપાસ દેખાતો નહીં..! નહિતર તારા હાડકા ભાંગી નાખીશ... ચલ હઠ....! 'ચા ની લારીવાળાએ મનુથી ચાની કપ - રકાબી ફૂટી જતા ઢોર મારીને... પોતાની લારી ઉપરથી હાંકી કાઢયો. મનુએ શેઠને પોતાને નોકરીએ રાખવાની ખૂબ વિનંતી કરી પણ ચાની લારી વાળ ો એકનો બે નાં થયો. અને તેને હાંકી માર્યો. પોતે પિતાનો ખૂબ માર ખાવો પડશે તે વિચારે તે કંપી ઉઠતો હતો. મનુની માઁ મનુનાં જન્મ સાથે જ ગુજરી ગઈ હતી. બાપ હતો... પણ નાં હોવા જેવો. આખો દિવસ કામ કરીને રાતે દારૂ પીને આવે. પોતાની અને મનુ માટે ખાવાનું બનાવે, અને તે પણ પેટભર નહીં. મનુને સવારે ચા ની લારીવાળો ખૂબ કામ કરાવી કરાવીને કાળીમશ ચા અને બે પાઉં આપે. અને રાતે બાપ જે રાંધે તે ખાઈને કોઈવાર કામથી થાકીને ફાટેલા અને દુર્ગંધ મારતા ગોદડામાં જઈને ભૂખ્યોને તરસ્યો સુઈ જાય. સવાર થતા તેનો બાપ મનુને અડધી ઊંઘે બાવડું પકડીને ચાની લારીએ મૂકી જતો. મનુની સવાર લારીવાળો મનુ પાસે બધું કામ કરાવ્યા પછી તેને કાળીમસ ચા આપતો ત્યારે થતી. મનુ ચા ની લાલચે કામ કર્યા રાખતો.

ચાની લારીએ મનુની નોકરી છૂટયા બાદ, મનુના બાપે ફટાકડા બનાવતા કારખાનામાં મનુને કામે રાખ્યો. કારખાનામા કામ કરતા છોકરાઓને કારખાનાનો ટ્રક વહેલી સવારમાં લેવા આવતો. મનુનો બાપ તેને અડધી અંગે સ્ટેટ ટ્રકમાં નાખી દે તો. અને અને રાત્રે ટ્રક મનુને સુતેલી હાલત માટે ઘરે ફેંકી જાતો. દારૂખાનું ચુથવામાં મનુના દિવસો વીતવા લાગ્યા. કારખાનામાં મનુને બે ટાઈમનું ખાવાનું મળતું. એક દિવસ મનુથી કંઈક ભૂલ થઈ જતા. કારખાનાના માલિકે મનુને ખૂબ માર્યો.અને કામ પરથી કાઢી નાખ્યો. મનુએ પોતાને કામે રાખવાની ખૂબ વિનમણી કરી. પરંતુ કારખાના માલિકનો માન્યો. મનુ વિચાર કર્યો કે પોતાને આ નોકરી પણ છૂટી ગઈ છે, અને પોતે ઘરે પૈસા લીધા વિના જાશે તો એનો બાપ પણ તેને ખૂબ મારશે. મારની બીકે મનુએ હિંમત કરીને પોતે કામ કરેલા દિવસોનો પગારમાં માંગ્યો. તો કારખાના માલિકે તેને ઢીકા પાટાનો માર મારી લોહી લુહાણ કરતા કહ્યું કે 'એક તો મારૂં નુકસાન કરીને ઉપરથી પૈસા માંગે છે.. હરામખોર..! અને બેભાન મનુને તુરંત જ આવ્યો તો તે ટ્રકમાં નાખીને રાત્રે ઘરે ફેંકી ગયા. મનુ ને ઘરે આવીને ફોન આવતા બાપે પણ ખૂબ માર્યો. તે જ રાતે મનુ ઘરથી ભાગી ગયો. અને રેલ્વે સ્ટેશન એ જઈને જે ટ્રેન ખાલી દેખાણી તેમાં છુપાઈને બેસી ગયો.

મનુષ્ય ટ્રેનમાં બેસ્યો હતો તે ટ્રેન મુંબઈની હતી. વહેલી સવારે મનુ મુંબઈના રેલ્વે સ્ટેશનને પહોંચ્યો ત્યારે પોતાની પાસે કયાં જવું ? કયાં રહેવું ? શું કામ કરવું ? તેનો કોઈ જવાબ ન હતો. રેલવે સ્ટેશનની બહાર નીકળતા, રેનબસેરા નામનો અનાથ આશ્રમ દેખાય ત્યાં જઈ ચડયો. મનુ ત્યાં રહીને જે કામ સોંપવામાં આવતું તે ચૂપચાપ કરે રાખતો, કોઈની સાથે કશું જ બોલતો નહીં.

આજે જયારે ગૃહમાતા હંસાબેનમાં તેને પોતાની માની છબી દેખાયી, ત્યારે પોતાની આપ કથા મને હંસાબેનને કહી સંભળાવી... ગૃહમાતા હંસાબેન કહ્યું કે, 'માઁ.. હવે હું કોઈ દિવસ મારાં ઘરે નહીં જઈશ... હું ભીખ માંગીશ, પણ તમારાથી દૂર નહીં જઈશ. તમારા મમતા ભર્યા પાલવમાં મને આ દુનિયાનાં આકરા તાપથી બચવા છાંયડો આપો..!

# સાવરકુંડલા ખાતે આસ્થા અને ઉત્સાહભેર શ્રી હનુમાન ચરિત કથાનો પ્રારંભ



સાવરકુંડલા શહેરમાં આવેલ પંચમુખી હનુમાન મંદિર લુહાર સોસાયટી ખોડિયાર ચોક હાથસણી રોડ ખાતે હનુમાન ચરિત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. કથા પ્રારંભ તારીખ ૪/૪/૨૫ને શુક્રવારના રોજ રાત્રે નવ કલાકે કરવામાં આવેલ આ હનુમાન ચરિત કથામાં હનુમાનજીના રસપ્રદ પ્રસંગોનું વર્ણન સંગીતમય શૈલીમાં કથાના વિદ્વાન વકતા પૂ. કોશિકગીરી બાપુ (સાંઈધામ–સાવરકુંડલા) વ્યાસાસને બિરાજી સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવે છે. કથાના પાવન પ્રસંગો જેવા કે રામજન્મોત્સવ, હનુમાનજન્મોત્સવ રામ હનુમાનજી મિલન જેવા પ્રિય પ્રસંગો વકતાના મુખેથી અસ્ખલિત વાણી દ્વારા વર્ણવવામાં આવશે. આ કથા શ્રવણ માટે પ્રથમ દિવસથી જ બહોળી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતાં આ પ્રસંગે રામાનંદી સાધુ સમાજ પણ હાજર રહીને પૂ. કોશિકગીરી બાપુનું સન્માન પણ કરવામાં આવેલ. આ તકે વિશ્ર હિન્દુ પરિષદ તેમજ સુંદર કાંડ પરિવાર, સતિષ પાંડે સમેત ધાર્મિક સંગઠનો ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ દિવસે હનુમાન ચરિત્ર કથામાં હનુમાન ચાલીસાનું મહત્વ તેમજ સુંદરકાંડના મહત્વ સંદર્ભે વિગતે વર્ણન સાથે સુંદર પ્રારંભ થયો હતો. કથાનો પ્રારંભ તારીખ ૪/૪/૨૫ અને વિરામ તારીખ ૧૦/૪/૨૫ના રોજ રાત્રે અગિયાર વાગ્યે થશે. આ કથાનું આયોજન પંચમુખી હનુમાન મિત્ર મંડળ દ્વારા માત્ર રાષ્ટ્રની ઉન્નતિના શ્રેષ્ઠ ભાવથી કરવામાં આવ્યું હતું. કથા પ્રારંભ પહેલા સાંજે પાંચ વાગ્યાથી ૭ વાગ્યા સુધી પોથીયાત્રા ઉતાવળા હનુમાનથી નીકળી પંચમુખી હનુમાન મંદિરે શોભાયાત્રા સ્વરૂપે ખૂબ ઉમંગ, ઉત્સાહપૂર્ણ ધાર્મિક આસ્થા સાથે ભકતોની બહોળી સંખ્યા સાથે પહોંચેલ આ કથા દરમિયાન શહેરના અનેક રાજકીય સામાજીક અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ સંતો મહંતોની નિશ્રામાં ઉપસ્થિત રહી કથાનું રસપાન થયું. આમ સાવરકુંડલા શહેરને હનુમાન ચરિત કથાનું આ રસપ્રદ આયોજન સાવરકુંડલા શહેરમાં રામનવમી ઉપલક્ષમાં એક અનોખો પ્રસંગ ગણી શકાય.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૯ | ૧૫૨૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૪૦ | ૧૩૮૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૯૭૨ | ૧૦૩૮ |
| ૪ | જીરૂ | ૩૭૩૦ | ૪૪૯૦ |
| ૫ | ઘઉં | ૪૬૦ | ૫૭૦ |
| ૬ | ચણા | ૧૦૮૦ | ૧૧૪૦ |
| ૭ | ધાણા | ૧૨૫૦ | ૧૫૯૦ |
| ૯ | તુવેર | ૧૨૨૦ | ૧૩૦૦ |
| ૧૦ | મેથી | ૯૭૦ | ૧૦૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૬૩ | ૧૦૭૨ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૩ | શિંગ મોટી | ૮૯૦ | ૧૧૨૨ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૯૬ | ૧૩૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૧૦૫ | ૨૨૪૦ |
| ૬ | બાજરો | ૫૪૦ | ૫૯૭ |
| ૭ | જુવાર | ૪૩૦ | ૯૬૬ |
| ૮ | ઘઉં બંસી | ૮૬૦ | ૮૬૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૩૨ | ૬૭૧ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૨૧ |
| ૧૧ | મકાઈ | ૫૫૬ | ૫૮૪ |
| ૧૨ | ચણા | ૯૫૦ | ૧૧૨૮ |
| ૧૩ | ચણા દેશી | ૧૦૮૩ | ૧૧૯૭ |
| ૧૪ | ચણા સફેદ | ૧૦૭૦ | ૧૪૨૫ |
| ૧૫ | તુવેર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૧૬ | કપાસ | ૮૫૦ | ૧૪૯૮ |
| ૧૭ | એરંડા | ૧૦૭૦ | ૧૨૨૧ |
| ૧૮ | જીરૂ | ૨૬૭૫ | ૪૪૪૪ |
| ૧૯ | રાયડો | ૮૦૦ | ૧૦૩૯ |
| ૨૦ | રાય | ૮૧૦ | ૮૫૦ |
| ૨૧ | ધાણા | ૧૧૩૦ | ૧૫૫૦ |
| ૨૨ | ધાણી | ૧૧૨૦ | ૨૧૩૦ |
| ૨૩ | અજમા | ૯૫૦ | ૧૧૦૦ |
| ૨૪ | મેથી | ૬૪૫ | ૧૦૧૦ |
| ૨૫ | સોયાબીન | ૬૨૧ | ૮૧૮ |
| ૨૬ | મરચા લાંબા | ૩૦૦ | ૨૦૧૦ |
| ૨૭ | દેશી મરચા | ૮૧૦ | ૩૩૫૦ |
| ૨૮ | વરીયાળી | ૧૧૦૦ | ૨૨૮૦ |
| ૨૯ | કાંગ | ૩૦૦ | ૫૭૦ |

## લાયન્સ કલબ ઓફ અમરેલી દ્વારા ચંપલ વિતરણ કરાયુ







અમરેલી, તા. ૫

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા સેવાકીય પ્રવૃતિ અંતર્ગત શહેરના સ્લમ વિસ્તારમાં નાના બાળકો અને મહિલાઓને ચંપલ વિતરણ કરવામાં આવેલ. તેમજ મહિલા વિકાસ ગૃહની દિકરીનઓને ભોજન (પાઉંભાજી) આપેલ.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૦૪૦ |
| ૨ | શીંગ મોટી | ૯૫૦ | ૧૦૫૦ |
| ૩ | તલ સફેદ | ૧૮૫૨ | ૨૧૧૨ |
| ૪ | જીરૂ | ૪૨૨૦ | ૪૭૦૦ |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૧૪૮૬ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૭૦૦ |
| ૮ | બાજરો | ૫૦૦ | ૬૦૮ |
| ૯ | જુવાર | ૫૦૦ | ૮૩૫ |
| ૧૦ | અડદ | ૧૧૦૦ | ૧૨૬૬ |
| ૧૧ | ચણા | ૧૦૯૦ | ૧૧૪૧ |
| ૧૨ | દેશી ચણા | ૧૧૮૦ | ૧૩૦૧ |
| ૧૩ | તુવેર | ૧૨૫૧ | ૧૪૩૦ |
| ૧૪ | એરંડી | ૧૧૫૦ | ૧૧૯૦ |
| ૧૫ | મેથી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૧૬ | રાય/રાયડો | ૧૦૦૦ | ૧૦૫૧ |
| ૧૭ | ધાણા | ૧૩૫૦ | ૧૬૦૬ |
| ૧૮ | વાલ | ૭૦૦ | ૧૬૫૦ |

## સાવરકુંડલાની સરકારી હોસ્પિટલમાં ગર્ભાશયની ૧.૬ કિ.ગ્રા. કોથળીનું ઓપરેશન



સાવરકુંડલા, તા.૫

સાવરકુંડલાની કે.કે. હોસ્પિટલ કે જે પેટા–જિલ્લા કક્ષાની હોસ્પિટલ છે જેમાં અધિક્ષકના માર્ગદર્શન તળે ગાયનેક (પ્રસૂતિ) વિભાગમાં માં ગાયનેકોલોજિસ્ટ ડો. હાર્દિક બોરીસાગર તેમજ એનેસ્થેસિયા ડો.દિનેશ સોલંકી અને તેમજ નર્સિંગ સ્ટાફની ટીમ દ્વારા તા. ૫/૪/૨૦૨૫ના રોજ ગર્ભાશયની કોથળીનું સફળ ઓપરેશન કરવામાં આવેલ હતું જેમાં અંડાશયની પાણીની ભરેલી ગાંઠ પણ કાઢવામાં આવેલ હતી અને દર્દીને સારવાર આપેલ હતી તેમજ આ તમામ સારવાર આયુષ્માન કાર્ડ અંતર્ગત ઉપલબ્ધ છે તેમજ આ વર્ષ દરમિયાન ૧૮૩૦ પ્રસુતિઓ તેમજ ગાયનેક ઓપીડી ૧૩૦૦૦થી વધુ છે અને જેનો લાભ વધુમાં વધુ દર્દીનારાયણને મળી રહે તેવું આયોજન કરવામાં આવેલ છે.

## અવસાન નોંધ

**ચલાલા :** ચલાલા નિવાસી હાલ રાજકોટ રહેતા ચલાલા લોહાણા મહાજનના વરિષ્ઠ પૂર્વ પ્રમુખ સ્વ. શ્રી નંદલાલભાઈ ત્રિકમજીભાઈ વિઠ્ઠલાણીના ધર્મ પત્ની જયાબહેન નંદલાલભાઈ વીઠ્ઠલાણી (ઉ.વ. ૮૬) તે ચેતનભાઈ વિઠ્ઠલાણીનાં માતુશ્રીનું દુઃખદ અવસાન તા. ૫/૪/૨૫ શનિવારે રાજકોટ થયેલ છે.

સદગતનું ઉઠમણું અને પિયર પક્ષની સાદડી તા. ૭/૪/૨૫, સોમવારે સાંજના ૫ થી ૬ કલાક સુધી શ્રી અમૃતેશ્વર મહાદેવ મંદિર, અમૃતા સોસાયટી, શેરી નં. ૨, ગુજરાત ગેસ ઓફિસ પાછળ, ૧૫૦ ફૂટ રીંગ રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૩૬૨ | ૪૫૮ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૪૫૦ |
| ૩ | ચણા | ૬૦૦ | ૧૧૦૧ |
| ૪ | મેથી | ૭૬૦ | ૯૦૦ |
| ૫ | ધાણા | ૯૦૦ | ૧૩૫૦ |
| ૬ | મગફળી | ૬૩૦ | ૮૬૨ |
| ૭ | તુવેર | ૭૦૦ | ૧૩૬૫ |
| ૮ | મકાઈ | ૪૩૫ | ૪૩૫ |
| ૯ | તલ કાળા | ૪૦૨૦ | ૪૦૨૦ |
| ૧૦ | રાય | ૯૦૦ | ૧૧૨૦ |
| ૧૧ | સોયાબીન | ૭૬૦ | ૮૦૧ |
| ૧૨ | શીંગફાડા | ૧૦૫૦ | ૧૦૫૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૨૪ | ૧૩૮૦ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૪૦ | ૭૪૦ |
| ૩ | એરંડા | ૧૧૬૮ | ૧૧૬૮ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૨૬ | ૧૪૬૧ |
| ૨ | ચણા | ૧૦૯૮ | ૧૧૫૧ |
| ૩ | તુવેર | ૧૨૬૧ | ૧૩૦૦ |
| ૪ | ઘઉં | ૫૩૧ | ૫૩૧ |
| ૫ | સોયાબીન | ૭૦૦ | ૭૦૦ |
| ૬ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૭૫ | ૯૩૫ |
| ૨ | ચણા | ૯૮૬ | ૧૦૮૦ |
| ૩ | તુવેર | ૧૧૧૧ | ૧૩૬૬ |
| ૪ | ધાણા | ૧૧૦૧ | ૧૪૭૦ |
| ૫ | એરંડા | ૧૦૩૦ | ૧૧૮૫ |
| ૬ | રાઈડો | ૮૭૬ | ૯૯૦ |
| ૭ | છોલે ચણા | ૧૪૯૦ | ૧૪૯૦ |
| ૮ | સોયાબીન | ૭૦૦ | ૭૫૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૬૫ | ૧૦૦૪ |
| ૨ | કપાસ | ૧૦૦૧ | ૧૫૦૧ |
| ૩ | બાજરો | ૪૯૦ | ૬૦૧ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૩૦ |
| ૫ | જુવાર | ૬૫૦ | ૯૨૬ |
| ૬ | તુવેર | ૧૩૦૦ | ૧૪૨૧ |
| ૭ | ચણા | ૯૨૧ | ૧૧૦૦ |
| ૮ | જીરૂ | ૩૮૦૧ | ૩૮૦૧ |
| ૯ | રાય | ૧૦૦૦ | ૧૦૬૧ |
| ૧૦ | ધાણા | ૯૫૦ | ૧૦૨૫ |
| ૧૧ | મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૨ | સોયાબીન | ૮૦૧ | ૮૦૧ |
| ૧૩ | કાંગ | ૯૦૨ | ૯૦૨ |
| ૧૪ | એરંડી | ૯૦૦ | ૧૦૦૦ |

# સાવરકુંડલા : આકોલડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ રસરાજ દિવસની ઉજવણી કરી



પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ અલગ અલગ ૩૯ વાનગીઓ રજૂ કરી વર્તમાન સમયમાં બજાર, વ્યાપાર, માર્કેટિંગ, લે વેચ અને વસ્તુની વિવિધ રીતે બનાવવાની પ્રકિયા જાણી સાવરકુંડલા તાલુકાના આકોલડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ રસરાજ દિવસની ઉજવણી કરવામાં આવી હતી આયુર્વેદમાં પણ ભોજનના મુખ્ય છ રસ વિશે જણાવવામાં આવ્યું છે આ છ રસને ધ્યાનમાં રાખીને પ્રાથમિક શાળાના બાળકો વર્તમાન સમયમાં ફાસ્ટફુડ અને હાનિકારક ખુલ્લો ખોરાક તેમજ ભેળસેળ વાળા નાસ્તાની હાનિકારકતા અને ઘરના ભોજનનું મહત્વ સમજે એ માટે આકોલડા શાળામાં રસરાજ દિવસ ઉજવવામાં આવ્યો હતો જેમાં આંકોલડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ અલગ અલગ કુલ ૩૯ વાનગીઓ બનાવીને સ્ટોલ પર રજૂ કરવામાં આવી હતી કાર્યકમનો શુભારંભ વંડા સી.આર.સી. નિલેશભાઈ વાળા દ્વારા દીપ પ્રાગટય કરીને કરવામાં આવ્યું હતું ત્યારબાદ અલગ અલગ પ્રકારના શરબતો અને મસાલા છાશ, તકમરીયા શરબત વગેરે વિવિધ પીણા પણ બાળકો બનાવીને લાવ્યા હતા ગામના લોકોએ પણ આ રસરાજ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. આ તમામ વાનગીઓ ટોકન દરે આપવામાં આવી હતી જેથી બાળકો વર્તમાન સમયમાં બજાર, વ્યાપાર, માર્કેટિગ, લે વેચ અને વસ્તુની વિવિધ રીતે બનાવવાની પ્રકિયાથી માહિતગાર થાય એ પણ મુખ્ય ઉદેશ હતો જેમાં બાળકોએ ખુબ ઉત્સાહથી ભાગ લઈને વિવિધ વ્યંજનો રજૂ કર્યા હતા કાર્યક્રમમાં બાજુના ગામ ખાલપર શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષક મિત્રો પણ ઉપસ્થિત રહ્યા હતા. બાળકો ખોરાકની જાળવણી અને ઢાંકીને રાખવાનું મહત્વ સમજયા કેમ કે આ કાર્યકમના નિયમોમાં ભોજન બનાવવાની પ્રક્રિયાથી લઈને વ્યકિત ભોજન કરે તે પ્રકિયા સુધી જાળવવાની સ્વચ્છતા બાબતે ખાસ સૂચના કરવામાં આવ્યું હતું. ફાસ્ટફુડ માટેની એન્ટ્રી હતી અને ખાસ કરીને કેન્સરકારક એવા પ્લાસ્ટિક અને થર્મોકોલના વાસણનો ઉપયોગ પ્રતિબંધિત હતો એટલે સમગ્ર પ્રક્રિયામાં બાળકોને આ બાબત પર કેન્દ્રિત કરવા મુખ્ય ઉદેશ હતો. માર્કેટિંગ, બજાર પ્રકિયા, ખરીદ વેચાણની પ્રક્રિયા એટલે બાળકોને બજાર અને વસ્તુ વિનિમયની વાસ્તાવિકતા સમજાણી એ જ અગત્યની બાબત છે.

# ઉના સરકારી સબ ડિસ્ટ્રિક હોસ્પિટલમાં વિવિધ સાધનોનું લોકાર્પણ કરાયું



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા. ૫

ઉના ખાતે જિલ્લા આયોજન કચેરી તથા ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન ગીર સોમનાથની ગ્રાન્ટમાંથી જિલ્લા પંચાયત પ્રમુખ મંજૂલાબહેન મૂછાર, ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ અને કલેકટર સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં સરકારી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં વિવિધ આરોગ્યલક્ષી સાધનોનું લોકાર્પણ કરાયું હતું.

જેમાં કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, જન આરોગ્ય અને લોકસુખાકારી માટે વહીવટી તંત્ર સતત પ્રયત્નશીલ છે. જિલ્લા આયોજન કચેરી તથા ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન અંતર્ગત હોસ્પિટલમાં જ વિવિધ સાધનોની સગવડ ઉપલબ્ધ થવાના કારણે સમગ્ર તાલુકાના દર્દીઓને પૂરતી સુવિધાઓ મળી રહેશે.

વધુમાં કલેકટરે જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં અત્યાધુનિક સાધનોની મદદથી હવે ૧૧૧ પ્રકારના તમામ લોહીના રિપોર્ટ અને સોનોગ્રાફી હોસ્પિટલમાં જ ઉપલબ્ધ થવાથી દર્દીઓને વધુ આરોગ્યલક્ષી સુવિધાઓ મળી રહેશે. જેનો લાભ ઉના સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોને પણ મળશે.

ઉલ્લેખનીય છે કે, જિલ્લા આયોજન કચેરીની ગ્રાંટમાંથી સરકારી સબ હોસ્પિટલ ઉનામાં કલર ડોપ્લર સોનોગ્રાફી મશીન, એનેસ્થેસ્યિા ટ્રોલી, બાયોકેમિસ્ટ્રી અને મેગ્લુમી ઓટો એનાલાઈઝર, પોર્ટેબલ ઓ.ટી. લાઈટ, ઓ.ટી. ટેબલ વીથ ઓર્થો એટેચમેન્ટ, પોર્ટેબલ ડેન્ટલ એકસ–રે વીથ આર.વી.જી. પીસી, હોસ્પિટલ આર.ઓ.પ્લાન્ટ કૂલર એમ કુલ રૂ. ૬૬.૭૫ લાખના ખર્ચે કુલ ૧૦ સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

જયારે ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશનની ગ્રાંટમાંથી એ.બી.જી મશીન, એકસ–રે લીડ એપ્રોન, ડિલિવરી બેડ, કોટ્રી મશિન, ઓ.ટી.ટેબલ, ઓલ ઈન વન આર.વી.જી. યુનિટ જેવી સુવિધાઓ પ્રદાન કરવામાં આવી છે.

છેવાડાનો વિસ્તાર હોવાના કારણે હોસ્પિટલમાં આવતા દર્દીઓને અને સગર્ભા મહિલાઓને પણ સોનોગ્રાફીની તપાસ અર્થે ખાનગી હોસ્પિટલની મદદ લેવી પડતી હતી. તેમજ વિવિધ લોહીના રિપોર્ટ માટે પણ ખાનગી લેબોરેટરીની મદદ લેવી પડતી હતી. પરંતુ હવે તમામ પ્રકારના આધુનિક સાધનોની મદદથી વધુ ઝડપી સારવાર અને નિદાન શકય બનશે.

વધુમાં, હોસ્પિટલમાં આવતા દર્દીઓને પીવાના ફિલ્ટરયુકત પાણીની સગવડ મળી રહે તે માટે ફિલ્ટર પ્લાન્ટની સગવડતા અને ઓપરેશન થિએટરમાં જરૂરી તમામ સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં છે.

આ તકે, ઉના નગરપાલિકા પ્રમુખ પરેશભાઈ બાંભણિયા, તાલુકા પંચાયત પ્રમુખ એભાભાઈ મકવાણા, નિવાસી અધિક કલેકટર રાજેશ આલ, જિલ્લા પુરવઠા અધિકારી પારસ વાંદા, પ્રાંત અધિકારી કે.એચ. પરમાર, ડિસ્ટ્રિક્ટ મિનરલ કો–ઓર્ડિનેટર ભૂપતભાઈ સાંખટ, આયોજન અધિકારી પી.જી. ગહેલોત, ઉના સિવિલ સુપ્રીટેન્ડન્ટ એન.એમ. મિશ્રા સહિતના હોસ્પિટલના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ૭ એપ્રિલ, વિશ્વ સ્વાસ્થ્ય દિવસ પહેલું સુખ તે જાતે નર્યા યોગ ભગાડે રોગ તંદુરસ્ત રહો, સલામત રહો શાકાહાર અપનાવો, સ્વસ્થ જીવન બનાવો




અમરેલી, તા.૫

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન(WHO) દ્વારા ૭ એપ્રિલના દિવસને ''વિશ્વ સ્વાથ્ય દિવસ'' તરીકે જાહેર કરવામાં આવ્યો છે. આ દિવસના માધ્યમ દ્વારા વિશ્વ સ્વાથ્ય સંગઠનનો ધ્યેય લોકોને ખાસ કરીને એચઆઈવી, ક્ષય રોગ, મેલેરિયા, કોરોના જેવી મહાબીમારીઓ માટે જાગૃત કરવાનો છે. આજે જયારે આપણે કોરોના જેવી મહામારીનો ભોગ બની રહ્યા છીએ. ત્યારે સ્વાથ્ય જાળવવું એ અતિ મહત્ત્વનું કાર્ય થઈ ગયું છે. દેશમાં પહેલો કોવીડ કેસ આવ્યો એને એક વર્ષથી પણ ઉપર થઈ ગયું છે ત્યારે જો પ્રથમ લોકડાઉનની જાહેરાતને યાદ કરીએ તો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીએ પહેલી જ વાર લોકડાઉનની જાહેરાત કરતી વખતે કહ્યું હતું કે જાન હૈ તો જહાન હૈ ત્યારથી લઈને આજ સુધી અને હજુ ભવિષ્યમાં પણ સૌ કોઈએ પોતાની જીવનનું મહત્વ સમજી લીધુ છે. કોરોના મહામારીની ઘણી ગંભીર અસરો થઈ છે. પરંતું કેટલાક સારા પરિણામો જેવા કે પર્યાવરણની જાળવણી, લોકડાઉનમાં સૌ કોઈને પરિવાર સાથે માણવા મળેલો સમય તેમજ આપણો દેશ સ્વાથ્ય ક્ષેત્રે જેટલી ઝડપથી આધુનિકતા તરફ વધ્યો હતો તેનાથી બમણી ઝડપે શરીર સ્વાસ્થ્ય જાળવવા માટે આપણે પ્રાચીન ભારતમાં સ્વાસ્થ્ય જાળવણી માટે ઉપયોગી થતા વિવિધ આયુર્વેદિક નુસખાઓ અપનાવવા માંડયા છીએ. કોરોના કાળ દરમિયાન શારીરિક સ્વાસ્થ્ય સાથે સાથે લોકોના માનસિક સ્વાસ્થ્ય પર પણ માઠી અસરો પડી છે. શરીર અને મન એકબીજા સાથે સંકળાયેલા છે. જો શરીર સ્વસ્થ હશે તો મન સ્વથ્ય રહેશે. માનસિક સ્વાસ્થ્ય જાળવવા માટે પ્રાકૃતિક જીવન શૈલીનો ઉપયોગ થઈ રહ્યો છે ત્યારે પ્રાચીન કાળ થી ચાલી આવતી યોગ, પ્રાણાયામ કરવાની આપણી સંસ્કૃતિને જાળવતા રહીને આજે સમગ્ર દેશ કઈ રીતે સ્વસ્થ રહેવા માટે નવા નવા ઉપાયો પાછળ દોરાય રહ્યો છે ત્યારે એક વાત નોંધવા જેવી છે કે લોકો પાસે આ દિશામાં યોગ્ય માર્ગદર્શન કરી શકે એવા કોઈ શ્રેષ્ઠ માર્ગદર્શન ઉપલબ્ધ નથી અથવા છે તો લોકો તેમની પાસે જતા નથી. મિત્રો, આડોશ–પાડોશ કે સગા સંબંધીઓ પાસેથી જે સલાહો મળે તે સમજયા વગર બેફામ ફોલો કરવામાં આવે છે જેનાથી એક યા બીજી તકલીફો સર્જાય છે માટે સ્વાસ્થ્યની બાબતમાં કોઈ પણ નિર્ણય પર વિશેષ માર્ગદર્શન મેળવ્યા બાદ જ આગળ વધવું જોઈએ. આયુર્વેદ, યોગ, નેચરોપેથી, યુનાની, સિદ્રા, હોમિયોપેથી જેવી વિવિધ ચિકિત્સા પદ્રસ્તઓને જાળ વવા તેમજ એ દ્વારા સ્વાસ્થ્ય પ્રત્યે લોક જાગૃતિ લાવવાનો હેતુથી સરકાર પણ આયુષ મંત્રાલય દ્વારા સ્વાસ્થ્ય જાળવણીની જુદી જુદી પદ્રતિઓને લોકો સુધી પહોચાડવા અગ્રેસર છે.

૭ એપ્રિલ, વિશ્વ સ્વાસ્થ્ય દિવસ
પહેલું સુખ તે જાતે નર્યા
યોગ ભગાડે રોગ
તંદુરસ્ત રહો, સલામત રહો
શાકાહાર અપનાવો, સ્વરથ જીવન બનાવો

–મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)

# ઉના દેલવાડામાં રામનવમીની શોભાયાત્રાને લઈ પોલીસનો ચાંપતો બંદોબસ્ત



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા. ૫

ઉના દેલવાડામાં રામનવમીની ઉજવણીને લઈને પોલીસ એકશનમાં આવી છે. શહેરમાં આજ ૬ એપ્રિલના રોજ ભગવાન રામની શોભાયાત્રા નીકળ શે. શહેરમાં રામનવમીના દિવસે શોભાયાત્રામાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ઉના પોલીસે ચુસ્ત બંદોબસ્તની તૈયારી કરી છે. સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ દ્વારા ડ્રોનથી નજર રાખવામાં આવી રહી છે તેમજ શહેરમાં શાંતિપૂર્ણ માહોલમાં રામનવમીની ઉજવણી થાય તેને લઈને પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે.

ઉના શહેર અને દેલવાડામાં રામનવમીની શોભાયાત્રાને લઈને સઘન તૈયારી કરવામાં આવી છે. ઉના પોલીસ દ્વારા રામનવમી તહેવારની ઉજવણીમાં કોઈ ભંગ ના પડે માટે સઘન સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. શહેરમાં તહેવારની ઉજવણીમાં અડચણ ઉભી કરનારા તત્વો સામે ઉના પોલીસ દ્વારા ડ્રોનથી બાજ નજર રાખવામાં આવી રહી છે.

પોલીસ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા સંબંધીત ચકાસણી હાથ ધરતા વધુ પોલીસ જવાનો તૈનાદ કરવામાં આવ્યા છે અને સંવેદનશીલ વિસ્તારોમાં ડ્રોનની મદદથી સતત નિરીક્ષણ કરવામાં આવશે. આજ રોજ રામનવમીના તહેવારને લઈ પોલીસ એકશન મોડમાં આવી ગઈ છે જેમાં ગઈકાલ સવારથી જ ઉના શહેર અને દેલવાડાના અલગ અલગ વિસ્તારમા સ્થાનિક પોલીસ, ક્રાઈમ બ્રાંચ, એલ.સી.બી., એસ.ઓ.જી. પેરોલ ફર્લો સ્કોડ અને એસઆરપીની અલગ–અલગ ટીમો દ્વારા ઉનાની મુખ્ય બજારો, કુંભાર વાડા, ખોજા ખાના, વડલા ચોક, બસ સ્ટેશન સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં ડ્રોન કેમેરા, તથા બોડીવોર્ન કેમેરા તથા બ્રેથ એનાલાઈઝરનો ઉપયોગ કરી સઘન ચેકીંગ હાથ ધરવામાં આવશે.

# ચલાલાનાં ચિ. પૃથ્વી વાઘમશીનો આજે જન્મદિવસ



ચલાલા, તા. ૫

ચલાલાનાં એડવોકેટનાં સુપુત્ર ચિ. પૃથ્વી મહેશભાઈ વાઘમશીનો ૬ એપ્રિલનાં રોજ જન્મદિવસ હોય હોય સૌ કોઈ શુભકામનાઓ પાઠવી રહયું છે.

### ડીસ્ટ્રીકટ ક્રિકેટ એસોસિએશન દ્વારા

# અમરેલીમાં આવતી કાલે અંડર–૧૯ અંડર–૧૬ અને અંડર–૨૩નું સિલેકશન

**જિલ્લાનાં ક્રિકેટનાં ખેલાડીઓને ઉપસ્થિત રહેવા અનુરોધ**

અમરેલી, તા. ૫

અમરેલી ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસિએશનનાં પ્રમુખની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે અંડર–૧૯ અંડર–૧૬ અંડર–૨૩ ડિસ્ટ્રીકટનું તારીખ ૭/૪/૨૫ સોમવારનાં રોજ અખાડા ગ્રાઉન્ડ ઉપર સવારે સિલેકશન રાખેલ છે. અમરેલી જિલ્લાના રસ ધરાવતા ખેલાડીઓએ હાજર રહેવું. આ સિલેકશન સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા નિયુકત કરાયેલા ઉદા. રણજી ટ્રોફી ખેલાડીઓ દ્વારા કરવામાં આવશે. તો તમામ રસ ધરાવતા ખેલાડીઓએ ઓરીજનલ ડોકયુમેન્ટસ વેરીફીકેશન માટે સાથે લઈને આવવાના રહેશે. અને ૧ સેટ ઝેરોક્ષની અહીંયા જમાં કરવાનો રહેશે. જે ડોકયુમેન્ટ સાથે નહીં લાવે તે સીલેકશન પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહીં.

આ પ્રક્રિયામાં સફેદ ડ્રેસ પહેરવો ફરજીયાત છે તથા પોતાની આ કીટ બેગ સાથે લાવવી. ઓરીજનલ બર્થ સર્ટિફિકેટ, ઓરીજનલ આધાર કાર્ડ, ઓરીજનલ પાનકાર્ડ, છેલ્લા ૩ વર્ષની માર્કશીટ, બોનાફાઈડ સર્ટીફીકેટ, બેંક પાસબુક, પાસપોર્ટ સાઈઝ ફોટા, સહિતનાં ડોકયુમેન્ટ સાથે લાવવાનાં રહેશે.

# સાવરકુંડલામાં જે.વી. મોદી હાઈસ્કુલમાં વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો



સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલાશહેરનીમણીભાઈ ચોક ખાતે આવેલ શહેરની ખૂબ જ જૂની હાઈસ્કૂલ જે. વી મોદી હાઈસ્કૂલ ખાતે તા.૨/૪/૨૫ના રોજ વર્ષ ૨૦૨૪/૨૫માં સંગીતની ગાયન વાદન સ્પર્ધામાં તાલુકા કક્ષાથીરાજયકક્ષાસુધીવિજેતાથયેલવિદ્યાર્થી અનેરાજય કક્ષાએ વિજ્ઞાન સ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા, ટ્રસ્ટીવિનુભાઈ રાવળનીઉપસ્થિતિમાંસંપન્ન થયો. આ પ્રસંગે વિજેતા થયેલ વિદ્યાર્થીઓને મોમેંટોપ્રમાણપત્ર અનેભેટ આપીસન્માનિત કરવામાં આવ્યા. શાળાના ઈન્ચાર્જ આચાર્ય જીતુભાઈ ભટ્ટના આમંત્રણને માન આપી પધારેલા કાણકિયા કોલેજના પ્રિન્સિપાલ રવૈયા સાહેબ, વરિષ્ઠ પત્રકાર પાંધી સાહેબ, સંગીત શિક્ષક કંદર્પભાઈ ભટ્ટ, ભકિતબેન પરમાર, નંદલાલભાઈ સાદીયા, કેડી મહેતા, પ્રકાશભાઈ ગૌસ્વામી અન્ય આમંત્રિત મહેમાનો અને વાલીઓને શબ્દોથી આવકાર આપ્યો હતો, અને શાળાની વિદ્યાર્થીની પથ્થર દેવાંગિ અને ચૌહાણ શાહિને પધારેલ સર્વનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કર્યુ. શાળાના સંગીત શિક્ષક સંજયભાઈ મહેતા અને તેમના સંગીત વૃંદે પ્રાર્થના ગીતની સુંદર રજૂઆત કરી કાર્યક્રમનો પ્રારંભ કર્યો કાર્યક્રમનું સંચાલન ધો.૧૧નીવિદ્યાર્થીનીજોષીહિરલઅનેસંગીત શિક્ષક સંજયભાઈ મહેતાએ કરેલ. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા અને ટ્રસ્ટી વિનુભાઈ રાવળએપ્રસંગોચિતઉદબોધનકરી વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા વિદ્યાર્થીઓમાંરહેલસુશુપ્તકલાશકિતઓને વેગઆપીતાલુકાકક્ષાએથીરાજયકક્ષાસુધી પહોંચાડી ત્યાં વિજેતા બનાવ્યા તે બદલ શાળ ાના સંગીત શિક્ષક સંજયભાઈ મહેતાનું શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા કરવામાં આ તકે આ કાર્યક્રમમાં શાળાના ભૂતપૂર્વ આચાર્ય આશિષભાઈ જોષીને યાદ કર્યા કે જેમના કાર્યકાળ દરમ્યાન આ પ્રવૃત્તિઓને તેમણે સતત પ્રોત્સાહન પૂરૂ પાડયું હતું તેની ટ્રસ્ટીગણ દ્વારા નોંધ લેવામાં આવી હતી કાર્યક્રમના અંતમાં સંગીત વૃંદે કવિ રમેશ પારેખનું ગીત રજૂ કર્યુ અને શાળાના વિજ્ઞાન શિક્ષક નીતિનભાઈ સાવજે આભાર વિધિ કરી કાર્યક્રમ સંપન્ન કર્યો.

# સાવરકુંડલાના થોરડી ગામના સોલો સાયકલ રાઈડર યોગેશ બરવાળીયાની અનોખી દાસ્તાન



સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા તાલુકાના થોરડી ગામના સોલો સાયકલ રાઈડર યોગી બરવાળીયા એકલવીર સાયકલ પ્રવાસ દ્વારા યુવા જગતને પ્રેરણા આપે તેવું ઉમદા કાર્ય કરે છે. હાલ થોરડીથી દ્વારકા સુધીના સાયકલ પ્રવાસે નીકળી ચૂકયા છે અને હાલ જામજોધપુર પહોંચી ગયા છે. ૩૫૨ કિલોમીટર લાંબા આ સાયકલ પ્રવાસ દરમિયાન તેઓ અનંત અંબાણીને મળવાની ઈચ્છા ધરાવે છે ૧૦ એપ્રિલના રોજ અનંત અંબાણીના જન્મદિવસે અનંત અંબાણી સાથે દ્વારકાધીશના દર્શન કરવાની શુભેચ્છા ધરાવતાં થોરડી ગામના યોગી બરવાળીયા આ અગાઉ પણ ખૂબ લાંબો સાયકલ પ્રવાસ ખેડી ચૂકયા છે આમ જુનાગઢ, સોમનાથ, દ્વારકા, બેટદ્વારકા, સાળંગપુર, ભોળાદ, ડાકોર, ઉજ્જૈન, અયોધ્યા સાયકલ રાઈડ પૂર્ણ કરેલ છે આ સાયકલ પ્રવાસ દરમિયાન તેમનો સંદેશ અને લક્ષ કે એક મિશન છે કે સ્વચ્છ ભારત સ્વચ્છ ભારત હેલ્ધી ઈન્ડિયા.. આ મિશનના સંદેશ સાથે તેઓ બાર જયોતિર્લિંગ સાયકલ યાત્રા કરવાની નેમ ધરાવે છે. આમ સમગ્ર સમાજને પ્રેરણા આપે તેવું ઉમદા કાર્ય હાલ તેઓ દ્વારા થઈ રહ્યાં છે.

# બગસરા ખાતે શુક્રવારે વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા. ૫

જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૧૧/૪/૨૫ને શુક્રવારના રોજ ગૌ. વા. પુ. દાદીમા લાડુબેન ગોપાલજીભાઈ ભરખડા તથા ગૌ.વા.પુ .દાદા ગોપાલજીભાઈ કાનજીભાઈ ભરખડાના સ્મરણાર્થે વિનુભાઈ ગોરધનદાસ ભરખડા પરિવારના સૌજન્યથી ૬૧૬મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ રણછોડદાસજી બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમાં મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે.


આપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામા આવશે.

કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે ૧૧/૪/૨૫ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

### સ્વ અંનતરાય હરીલાલ સોનપાલના સ્મરાર્થે રંજનબેન

# ચલાલામાં રામનવમી પાવન દિવસે ધુન ભજન કિર્તન અને સમુહ ફરાળ પ્રસાદનું આયોજન

**સર્વ ધર્મપ્રેમી ભાઇઓ બહેનોમા ભારે ઉત્સાહ**



રંજનબેન સોનપાલ દ્વારા તા. ૬/૪/૨૫, રવિવાર રામનવમી પાવન દિવસે

ચલાલા, તા. ૫

ચલાલામાં રામનવમીના પાવન પવિત્ર દિવસે ચલાલા લોહાણા મહાજનવાડીમા ધુનભજનકિર્તન તેમજ સમુહ ફરાળ પ્રસાદનો ભાવનાત્મક અને લાગણીસભર કાર્યઁક્રમ યોજાશે.

મુળ ધારી તાલુકાના લાખાપાદર ગામના વતની અને હાલ ઘણા વર્ષોથી લેસ્ટર યુ.કે. રહેતા લેસ્ટરના પ્રખ્યાત સોનલ ભજીયાવાળા સેવાભાવી, રઘુવંશી મહીલા અગ્રણી સન્માનનિય રંજનબેન સોનપાલ દ્વારા તા. ૬/૪/૨૫, રવિવાર રામનવમી પાવન દિવસે સવારના ૯:૩૦ કલાકથી સ્વ અનંતરાય હરીલાલ સોનપાલના મોક્ષાર્થે અલૌકિક ધુન ભજન સહિત સમુહ ફરાળ ભોજન પ્રસાદનુ આયોજન ચલાલા લોહાણા મહાજન વાડીમાં રાખવામા આવેલ છે. આ કાર્યક્રમમા સર્વો ધર્મપ્રેમી ભાઈઓ, બહેનોએ ઉપસ્થિત રહેવા રંજનબેન સોનપાલ તરફથી જાહેર નિંમત્રણ પાઠવવામાં આવેલ છે તેમ ચલાલા રઘુવંશી અગ્રણી પ્રકાશભાઈ કારીયાએ જણાવેલ છે.

### આસ્થા અને ઉત્સાહભેર

# રાજુલાના મારૂતીધામ ખાતે શ્રીમદ્ સપ્તાહ જ્ઞાનયજ્ઞનો આજથી પ્રારંભ

**શ્રી મહંત રાજેન્દ્રદાસબાપુનાં વરદ્ હસ્તે દીપ પ્રાગટય**



રાજુલા, તા.૫

રાજુલા શહેરમાં આવેલ મારૂતિધામમા ભૂખ્યા ને ભોજન સતત ૪૦ વર્ષ થી પણ વધારે સમયથી મારુતિ ધામ રામરોટી આપવામાં આવે છે જયારે હાલના મહંત ભાવેશ બાપુ ગોંડલીયા દ્વારા તેમજ સમગ્ર ભકતજનો દ્વારા મારૂતિ ધામ ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ તેમજ સંત દર્શન સાથે મંડપ મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે ત્યારે આ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞ તારીખ ૦૬/૦૪/૨૦૨૫ રામનવમી ના દિવસે બપોરના ૨.૩૦ કલાકે અંબામાતા ના મંદિરેથી પોથી યાત્રા નીકળશે જે કથા મંડપ એ પહોંચશે અને ત્યારબાદ રામનવમીથી શરૂ થતી આ કથા દરરોજ બપોરના ૩.૦૦ વાગ્યા થી સાંજના ૬.૩૦ સુધી આ કથાનું રસપાન કથાના પ્રખર વકતા એવા શાસ્ત્રી હિતેશ દાદા જાખરા પોતાની આગવી શૈલીમાં આ કથાનું રસપાન કરાવશે આ કથા નું મુખ્ય હેતુ મારૂતિધામ મંદિરોના પાવન સાનિધ્યમાં જેમાં સમાધિ સ્થળ પરમ પૂજય પ્રભુદાસ બાપુ તથા સર્વ જીવો કલ્યાણ અર્થે તેમજ વિશ્વમંગલ માટે તેમજ આ વિસ્તારના અકાળે મૃત્યુ પામેલા તમામ સર્વ જીવના મોક્ષાર્થે આ શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે શ્રીમદ ભાગવત કથા ની સાથે સાથે દર્શન મંડપ મેળાનું આયોજન કરવામાં આવેલું છે આ કથામાં મહંત રાજેન્દ્ર દાસ બાપુના વરદ હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવશે. તેમજ સાથે સાથે સંતવાણી નું પણ આયોજન કરવામાં આવેલ છે સમગ્ર કાર્યકમ દરમિયાન કપિલજન્મ કૃષ્ણજન્મ બાલલીલા ગોવર્ધન પૂજન રુક્ષ્મણી વિવાહ સુદામા ચરિત્ર સાહિતના પ્રસંગો આ કથામાં આવરી લેવામાં આવશે આ કથા રામનવમીના દિવસે શરૂ થશે અને આ કથા હનુમાન જયંતીના દિવસે વિરામ લેશે ત્યારે આ કથા નું શ્રવણ કરવા તમામ ભાવિક ભકતોને બહોળી સંખ્યામાં લાભ લેવા આ મારુતિધામના મહંતા ભાવેશ બાપુ દ્વારા ભાવર્ભુ આમંત્રણ પાઠવવામાં આવે છે આ શુભ પ્રસંગે સંતો મહંતો તેમજ રાજુલા તેમજ આજુબાજુના સમગ્ર ગામના સર્વ ભાવિ ભકતોને આ માનવ કલ્યાણના ભગીરથ કાર્યમાં હાજર રહેવા સહ નિમંત્રણ પાઠવવામાં આવે છે.

### ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા

# લીલીયા મોટા : ગુંદરણ–હરિપર માર્ગ ઉપર નવા બ્રીજનું ભૂમિ પુજન કરવામાં આવ્યું

**રૂપિયા ૨૫૦ લાખનાં ખર્ચે નિમાર્ણ કરાશે**



સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા વિધાનસભાના લિલિયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માળ ખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવવાના ઉદેશ્ય સાથે ૨૫૦ લાખના ખર્ચે ગુંદરણ–હરિપર રોડ ઉપરના નવા બ્રિજનું ખાત ખાતમુહૂર્ત ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ કર્યું. આ નવી સગવડથી ગામના લોકોની રાહત તથા આજુબાજુના વિસ્તારોમાં જનસાધારણ માટે નવા રસ્તાના દરવાજા ખોલી રહ્યા છે આ બ્રિજથી ગામના લોકોને અવરજવરમાં મોટી રાહત મળશે. ચોમાસા દરમિયાન નદીમાં પાણી ભરાઈ જવાને કારણે લોકોને પડતી મુશ્કેલીઓનો અંત આવશે. આ ઉપરાંત, ખેડૂતોને પણ પોતાના ખેતરોમાં જવા–આવવા માટે સરળ તા રહેશે આ પ્રસંગે ધારાસભ્ય કસવાલાએ જણાવ્યું હતું આ બ્રિજથી સ્થાનિકોના પરિવહનને સરળ બનાવવા સાથે વિસ્તારની પ્રગતિનો સેતુ બનશે.

આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન ભીખાભાઈ ધોરાજીયા, તાલુકા ભાજપ પ્રમુખ જિજ્ઞેશભાઈ સાવજ, જિલ્લા પંચાયત સભ્ય વિપુલભાઈ દુધાત, તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ કાનજીભાઈ નાકરાણી, તાલુકા ભાજપ પૂર્વ પ્રમુખ ભનુભાઈ ડાભી, મહામંત્રી ગૌતમભાઈ વીંછિયા, લીલીયા સરપંચ જીવનભાઈ વોરા, ગુંદરણ સરપંચ પ્રતિનિધિ નિર્મલભાઈ ખુમાણ, પરેશભાઈ પાડા, હિતેશભાઈ પરમાર, રતિભાઈ રાખોલીયા, રમેશભાઈ કાછડિયા અને મનસુખભાઈ ઝીંઝુવાડિયા જેવા પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. ગ્રામજનોએ આ વિકાસ કાર્ય બદલ ધારાસભ્ય કસવાલાનો આભાર માન્યો હતો. તેવુ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

### ચિતલનાં નરેશભાઈ વાળાએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવ્યો

# અમરેલીનાં બસ પોર્ટમાં ખાનગી કંપનીની જોહુકમી વિરૂધ્ધ આંદોલનની ચીમકી

**વિભાગીય નિયામકની સુચનાનુ પણ પાલન થતુ નથી**

અમરેલી, તા.૫

અમરેલી એસટી ડેપો ખાતે નીલા એન્ટરપ્રાઈજ પ્રાઈવેટ લિમિટેડ કંપનીને ત્રીસ વર્ષના પેટે સારસંભાળ રાખવા કોન્ટ્રાકટ આપેલ છે તેમાં પાંચ વ્યકિતની કમિટીનું ગઠન કરવામાં આવેલ છે. તે કમિટીના નીતિ નિયમો મુજબ દરેક સભ્યની મંજૂરીથી અમરેલી ડેપોમાં કામગીરી કરવાની હોય છે. પરંતુ આ નીલા એન્ટરપ્રાઈઝ દ્વારા પોતાની મનમાની કરી એસટી બસના પ્લેટફોર્મ બદલી નાખેલ છે. અમરેલી એસટી વિભાગીય નિયામક દ્વારા આ કંપનીને નોટિસ પણ પાઠવેલ છે. છતા આજ દિન સુધી આ પ્લેટ ફોર્મ બદલવામાં આવેલ નથી અને લોકોને હાલાકી ભોગવવી પડે છે. પ્લેટ ફોર્મ બાબતે નીલા એન્ટરપ્રાઈઝ કંપનીના માણસોને મૌખિક મીડિયાના માધ્યમ થી રજૂઆત કરેલ છતાં પોતાન મનમાની કરી હાલ પણ આ પ્લેટ ફોર્મ બદલવામાં આવેલ નથી. આ પ્લેટ ફોર્મ તારીખ ૦૬/૦૫/૨૦૨૫ સાંજ સુધીમાં ફેરવવામાં નહીં આવે તો ના છૂટકે આપની કચેરી સામે તારીખ ૦૭/૦૪/૨૦૨૫ના સવારે ૧૧:૦૦ કલાકે એક સામાજિક કાર્યકરની રૂએ આ કંપની ની વિરુદ્રમાં ઉપવાસ આંદોલન કરવાની ફરજ પડશે. તેથી તાત્કાલિક ધોરણે આ કંપનીની તાનાશાહી બંધ કરાવી જે સ્થિતિ માં એસટી મધ્યસ્થ કચેરી ખાતે થી પ્લેટ ફોર્મનો જે હુકમ થયેલ છે તે સ્થિતિમાં કરવા અંતમાં માંગ કરે છે.

હવે... બદલાશે સારવારની પરિભાષા

કેન્સર તથા કેન્સર પેલાના મોઢા, ગળાના અને સ્વરપેટીના રોગોના દૂરબીન દ્વારા નિદાન તથા સારવાર

માવા-તમાકુ, બીડી-સિગરેટ, દારૂ, સોપારી, ગુટકા થી થતા મોઢાના ચાંદા, સફેદ-કાળા-લાલ ડાઘની તપાસ અને સારવાર.
સ્વરપેટી-અન્નનળીના ચાંદા તેમજ કેન્સરનો ઈલાજ

(ગોળ હોસ્પિટલ)

ડો. હર્ષ બારોટ
ઈ.એન.ટી.
(કાન-નાક-ગળાના નિષ્ણાંત)

NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૭૯૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629



રામનવમીના પવિત્ર તહેવારના સર્વેને જય જય શ્રીરામ

નીકળી છે સજીધજીને
રામજીની સવારી
લીલા છે સદા રામજીની
ન્યારી ન્યારી
રામ નામ છે સદા
સુખદાયી સદા હિતકારી

:: શુભેચ્છક ::
શ્રી રવુભાઈ ખુમાણ
પૂર્વ પ્રમુખ : નગરપાલિકા રાજુલા
પૂર્વ મહામંત્રી : જીલ્લા ભાજપ અમરેલી
કારોબારી સભ્ય : પ્રદેશ કિસાન મોરચા
(બોટાદ પ્રભારી) મું. રાજુલા, જી. અમરેલી.



Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૫
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ४६९०२



રામનવમી ના પાવન અવસરે
શીખંડ
હીરાભાઇ પેંડાવાળાનો પ્રખ્યાત શીખંડ...
શુધ્ધતા-વિશ્વાસની પરંપરા...
હીરાભાઈ પેંડાવાળા
કંસારા બજાર, ટાવર રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૯૪૫



રામનવમીના પાવન અવસરે સર્વેને જય જય શ્રીરામ
એવરેસ્ટ હોસ્પિટલ
મલ્ટી સુપર સ્પેશ્યાલીટી એવમ
શ્રી મહેતા - શ્રીમતી ગાર્ડી અને ભાનુ જનરલ હોસ્પિટલ
શ્રી જીવન જ્યોત આરોગ્ય સેવા સંઘ ઉના
''ભગવાન શ્રી રામ'' નાં જન્મોત્સવ પર્વે તેમના ચરણોમાં શત્ શત્ નમન
ઉપલબ્ધ સેવાઓ
- કેન્સર નિદાન તથા સારવાર - કિમોથેરાપી - ઈમરજન્સી અને ટ્રોમા
- ક્રિટીકલ કેર (આઈ.સી.યુ) - જનરલ અને લેપ્રોસ્કોપીક સર્જરી
- ગાયનેક - બાળરોગ અને NICU - આંખ વિભાગ
- ઓર્થોપેડિક અને જોઈન્ટ રીપ્લેસમેન્ટ - ફિઝીયોથેરાપી
- દાંત વિભાગ - ડાયાલિસિસ - ICU એમ્બુલન્સ
- MRI - મેમોગ્રાફી - સીટી સ્કેન - 2D ECHO
- ઈન્શ્યોરન્સ / મેડિક્લેઈમ સુવિધા
પુલ પાસે, ભાવનગર રોડ, ઉના - ૩૬૨૫૬૦, જિ.ગીર સોમનાથ (ગુજરાત)
મો.૭૨૦૩૦ ૬૪૧૦૧ / ૮૯૮૦૮ ૯૬૯૬૧, ફોન : ૦૨૮૭૫ ૨૨૧૪૮૨,
www.everesthospital.org



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
79,400/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૫/૦૪/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૩૧૩૬૬



રામનવમીના પાવન પર્વ નિમિતે સર્વેને જય જય શ્રીરામ
''ભગવાન શ્રી રામ'' નાં જન્મોત્સવ પર્વે તેમના ચરણોમાં શત્ શત્ નમન
જેમના મનમાં શ્રીરામ છે, ભાગ્યમાં તેમનાં વૈકુંઠ ધામ છે
તેમના ચરણોમાં જેમણે જીવન ન્યોછાવર કર્યુ,
સંસારમાં તેમનું કલ્યાણ છે... રામનવમીની હાર્દિક શુભકામનાઓ...
SHYAM Caterers
શ્યામ
ડાઈનીગ હોલ & કેટર્સ
અરજણભાઈ પટેલ
જયેન્દ્ર એ.પટેલ
હેડ ઓફિસ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
સુરત બ્રાન્ચ અક્ષય એ.પટેલ
બી/૧૧૧, રોયલ પ્લાઝા, પટેલ પાર્ક સોસાયટી સામે, સીમાડા નાકા, વરાછા-સુરત



રામનવમીના પાવન અવસરે ગરમા ગરમ પેટીસ મળશે
વિવિધ ફ્લેવરમા
શિખંડ / મઠ્ઠો
ફરાળી ચેવડો
કેળા વેફર
બટેટા વેફર
પુના ભગત
પુનાભગત રજવાડી પેંડાવાળા
કંસારા બજાર, અમરેલી. ફોન : ૨૨૦૬૨૬, મો. ૯૪૨૬૨ ८७००३
બ્રાન્ચ : સીટી પોઈન્ટ કોમ્પ્લેક્ષ, એસ.ટી. ડેપો સામે, અમરેલી ફોન : ૨૩૧૨૨૨



Sheetal
રામનવમીની ઉજવણી કરો,
ક્રીમી અને સ્વાદિષ્ટ શીતલ શ્રીખંડ સાથે..
Sheetal Shrikhand
રાજભોગ • મિક્સ ફ્રૂટ • ઈલાયચી • મેંગો ફ્લેવરમાં ઉપલબ્ધ...
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. Mo. 9510959954 સમય : સવારે 10:00 થી રાત્રે 11:00



રામનવમીનાં પર્વ નિમિતે જય...જય...શ્રીરામ
ડ્રાયફ્રુટ હની શિખંડ
ફ્રેશ ફુલ
• વ્હાઈટ શિખંડ • વેનીલા શિખંડ
• બટરસ્કોચ શિખંડ • કેસર શિખંડ
• મેંગો શિખંડ
• પાઈનેપલ મઠ્ઠો
• રાજભોગ મઠ્ઠો
• કેસર મઠ્ઠો
• આલમંડ કાર્નીવલ મઠ્ઠો
• રેડવેલ્વેટ મઠ્ઠો
અવધ ડેરી ફાર્મ
avadh DAIRY FARM
૨૬/૨, પટેલ બોર્ડીંગ શો. સેન્ટર, લક્ષ્મીનારાયણ મંદિર સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૦૫૨



LG Life's Good.
Festivals
રામનવમીના શુભ દિવસે ઘરે લાવો ખુશાલી,
મેળવો આકર્ષક ઑફર્સ અને એક્સ્ટ્રા ઈન્સ્ટન્ટ ડિસ્કાઉન્ટ માત્ર LG બેસ્ટ શોપમાં
WIN LG PRODUCTS EVERY DAY*
INSTANT DISCOUNTS UP TO ₹9990*
1 YEAR FREE INSURANCE
26% CASHBACK ₹26000
1 EMI FREE
WINNER GUARANTEE
₹5000
₹7000
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK



શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉમરના વ્યક્તિની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ६३३६३ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮



Aarogyam
એકમાત્ર ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુક્તિનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
●ઉદાસી રોગ ●ચિંતા - ટેન્શન
●મરવાના વિચાર આવવા ●માથાનો દુઃખાવો
●વિચારવાયુ ●જાતિય રોગો
●વહેમ, શંકા ●વ્યસનમુક્તિ :
●મંદબુધ્ધિ બાળકોની સારવાર દારૂ,બીડી, તમાકુ, ફાકી
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...



ઉપલબ્ધ સારવાર
✦ ઓર્થોપેડિક & પોલીટ્રોમાં ✦ જનરલ મેડીસીન
✦ આર્થ્રોસ્કોપીક સર્જરી ✦ ક્રિટીકલ કેર
✦ ગાયનેક - પ્રસુતિ ✦ પોઇઝન સેન્ટર
✦ યુરોલોજી સર્જરી ✦ આઈ.સી.યુ
✦ જનરલ સર્જરી ✦ એસ. આઈ. સી. યુ
✦ લેપ્રોસ્કોપીક સર્જરી ✦ ડાયાલીસીસ
શ્રેષ્ઠ સારવારનું સરનામું એટલે
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ
નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
24 x 7 કલાક ઈમરજન્સી સારવાર
સુવિધાઓ: કેશલેસ મેડીક્લેઈમ | GSRTC-ST માન્ય | અકસ્માત સહાય યોજના | આયુષ્માન ભારત યોજના
હોસ્પિટલ 02792-222223 99782 23000 ઈમરજન્સી 99782 93000


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL.(Gujarat)